RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 191 Dt. 04-02-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT







# -અદાણી કેસથી વેપાર સોદો થયોઃ રાહુલ

## કોંગ્રેસે ભારત-અમેરિકા વેપાર કરાર પર લગાવ્યા ગંભીર આરોપ : દેશે સમજવું જોઈએ કે વડા પ્રધાન સાથે સમાધાન થયું, રાહુલની ચેતવણી

નવીદિલ્હી, તા. ૩

કોંગ્રેસે ભારત-અમેરિકા વેપાર કરાર પર ગંભીર આરોપ લગાવ્યા છે. પાર્ટીનો દાવો છે કે આ કરાર પર હસ્તાક્ષર એટલા માટે કરવામાં આવ્યા હતા કારણ કે એપ્સટિન ફાઈલ્સનો મોટો ભાગ હજુ બહાર પાડવાનો બાકી છે અને અદાણી ગ્રુપ અમેરિકામાં મુકદ્દમાનો સામનો કરી રહ્યું છે. પાર્ટીનો આરોપ છે કે આ કરાર દબાણ હેઠળ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર હુમલો કરતા કહ્યું કે મોદી સમાધાન કરી રહ્યા છે અને તેમણે દેશના ખેડૂતો અને આખા દેશને વેચી દીધો છે. આ નિવેદન મંગળવારે ત્યારે આવ્યું જ્યારે લોકસભામાં ચીન મુદ્દા પર ચર્ચા દરમિયાન રાહુલને બોલતા અટકાવવામાં આવ્યા.

પોતાના નિવેદનમાં રાહુલ ગાંધીએ કહ્યું કે છેલ્લા ચાર મહિનાથી અટકેલો વેપાર કરાર યથાવત રહ્યો, પરંતુ સોમવારે સાંજે અચાનક હસ્તાક્ષર કરવામાં આવ્યા. તેમણે આ પાછળના કારણ પર સવાલ ઉઠાવ્યા. રાહુલે કહ્યું, ''મને ખબર છે, અને નરેન્દ્ર મોદી જાણે છે.

મોદી પર ભારે દબાણ છે. હજારો કરોડ રૂપિયાના ખર્ચે બનેલો તેમનો ઈમેજ ફુગ્ગો ફૂટી શકે છે.'' કોંગ્રેસ નેતાએ દાવો કર્યો કે વાસ્તવિક સમસ્યા ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના નિવેદનની નથી, પરંતુ મોદીના સમાધાનની છે. રાહુલે કહ્યું, ''આ વેપાર સોદા દ્વારા, મોદીએ ભારતીય ખેડૂતોની મહેનત વેચી દીધી છે. તેમણે માત્ર ખેડૂતોને જ નહીં, પરંતુ સમગ્ર દેશને વેચી દીધો છે. તેથી જ તેઓ મને સંસદમાં બોલવા દેતા નથી.'' પીએમ મોદીના ડરનો ઉલ્લેખ કરતા રાહુલે કહ્યું કે જે લોકોએ તેમની છબી બનાવી હતી તેઓ હવે તેને નષ્ટ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.




રાહુલે ચેતવણી આપી હતી કે દેશે સમજવું જોઈએ કે વડા પ્રધાન સાથે સમાધાન થયું છે. તેમણે કહ્યું કે મોદી ગભરાઈ ગયા છે અને તેથી જ વેપાર સોદો ઉતાવળમાં સંમત થયો હતો. કરારથી ભારત પર યુએસ ટેરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, પરંતુ ભારતે યુએસ પાસેથી વધુ ઊર્જા, ટેકનોલોજી, કૃષિ ઉત્પાદનો અને કોલસો ખરીદવો પડશે. કોંગ્રેસનો આરોપ છે કે આનાથી ભારતીય ખેડૂતોને નુકસાન થશે કારણ કે અમેરિકન કૃષિ ઉત્પાદનો સસ્તા આયાત બનશે. આ આરોપ એવા સમયે આવ્યો છે જ્યારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કરારની જાહેરાત કરી હતી.

ટ્રમ્પે કહ્યું હતું કે મોદી રશિયન તેલ ખરીદવાનું બંધ કરવા અને યુએસ પાસેથી વધુ માલ ખરીદવા માટે સંમત થયા હતા. જોકે, કોંગ્રેસે આને મોદીની મજબૂરી ગણાવી હતી. કોંગ્રેસના નેતાઓ જયરામ રમેશ અને અભિષેક સિંઘવીએ અગાઉ ટ્રમ્પ દ્વારા કરારની જાહેરાત પર સવાલ ઉઠાવ્યા હતા, તેને ''ટ્રમ્પ-નિર્ભરતા'' ગણાવી હતી.

ભારત-અમેરિકાના સંબંધો ક્યારેય આટલા આશાસ્પદ નહોતા લાગતા. તેમણે કહ્યું કે વેપાર કરાર માટે વાટાઘાટો ટૂંક સમયમાં શરૂ થઈ ગઈ. પરંતુ રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૧૦ મે, ૨૦૨૫ ની સાંજે ઓપરેશન સિંદૂર સ્થગિત કરવાની જાહેરાત કર્યા પછી પરિસ્થિતિ બગડવાની શરૂઆત થઈ.

ત્યારબાદ, રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફિલ્ડ માર્શલ અસીમ મુનીરનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું, પાકિસ્તાન પ્રત્યેની તેમની નિકટતા દર્શાવી, વડા પ્રધાન મોદીની ખોખલી આલિંગન રાજદ્વારીતાનો પર્દાફાશ કર્યો.

# સંસદમાં શિસ્ત ભંગના પગલે કોંગ્રેસના ૮ સાંસદો સસ્પેન્ડ

## લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું સૂત્રોચ્ચાર અયોગ્ય અને નિયમો વિરુધ્ધ, છતાં વિપક્ષી સભ્યોએ હંગામો ચાલુ રાખ્યો

નવીદિલ્હી, તા. ૩

સંસદના બજેટ સત્રના પાંચમા દિવસે સવારે ૧૧ વાગ્યે લોકસભાની કાર્યવાહી શરૂ થઈ, પરંતુ તે ફક્ત આઠ મિનિટ જ ચાલી. વિરોધ પક્ષોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. આ હોબાળાને કારણે અનેક વખત કાર્યવાહી સ્થગિત કરવામાં આવી. ચર્ચા દરમિયાન કેટલાક સાંસદોએ સ્પીકર તરફ કાગળો ફેંક્યા. આ શિસ્તભંગને કારણે, સ્પીકરે કોંગ્રેસના સાત અને ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ના એક એમ કુલ આઠ સાંસદોને સમગ્ર બજેટ સત્ર માટે સસ્પેન્ડ કર્યા.



લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે સૂત્રોચ્ચાર અયોગ્ય અને નિયમોની વિરુદ્ધ હતો, છતાં વિપક્ષી સભ્યોએ હંગામો ચાલુ રાખ્યો. સ્પીકર પર કાગળો ફેંકનારા આઠ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા. તેમાં મણિકમ ટાગોર, ગુરજીત ઔજલા, રાજા વારિંગ, હિબી એડન, કિરણ રેડ્ડી, પ્રશાંત પોડોલે, વેંકટ રમણ અને કુરિયાકોસેનો સમાવેશ થાય છે. આ આઠ સાંસદોએ સંસદ સંકુલમાં તેમના સસ્પેન્શનનો વિરોધ કર્યો.

અધ્યક્ષ ઓમ બિરલાએ ગૃહને વિક્ષેપ વિના કાર્યરત રાખવા માટે કોંગ્રેસ અને ભાજપના સાંસદો સાથે બેઠક યોજી હતી. ગૃહની બહાર, વિપક્ષી સાંસદોએ પણ અમેરિકા-ભારત વેપાર કરાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા.

પંજાબના કોંગ્રેસના સાંસદ ગુરજીત સિંહ ઔજલાએ કહ્યું કે સમગ્ર દેશને સામનો કરી રહેલા મુદ્દાઓ ઉઠાવવાની વિપક્ષની ફરજ છે, તેથી જ સંસદ અસ્તિત્વમાં છે, અને સરકારે આવીને તેમનો જવાબ આપવો જોઈએ. પરંતુ ગઈકાલથી, તેઓ કહી રહ્યા છે કે તેઓ કોઈ પણ હિસાબ બતાવી શકતા નથી. ચીન હવે દેશમાં પ્રવેશી ગયું છે, બજાર ચીની માલથી છલકાઈ ગયું છે, અને હવે તેઓએ અમેરિકા સાથે પણ એવું જ કર્યું છે.

કોંગ્રેસના સાંસદ મણિકમ ટાગોરે કહ્યું, ''આઠ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જેમાં સાત કોંગ્રેસના સાંસદો અને મદુરાઈના સીપીએમ સાંસદ એસ. વેંકટેશનનો સમાવેશ થાય છે. અમારી ભૂલ એ છે કે અમે સરકારના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને બોલવા ન દેવાના નિર્ણયનો વિરોધ કરી રહ્યા હતા. ગઈકાલે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને વારંવાર હેરાન કરવામાં આવ્યા હતા અને બોલતા અટકાવવામાં આવ્યા હતા, અને તેમની પાસેથી પ્રમાણપત્ર માંગવામાં આવ્યું હતું.

આજે, તેમણે પ્રમાણપત્ર રજૂ કર્યું અને પત્ર સુપરત કર્યો. આ પછી, વિરોધ પક્ષના નેતાનું ભાષણ બંધ કરવામાં આવ્યું. રાહુલ ગાંધીએ ચીન અને યુએસ ટેરિફ વિશે વાત કરી. આ પછી, રાહુલ ગાંધીનો માઈક્રોફોન છીનવી લેવામાં આવ્યો અને અમે વિરોધ કર્યો; તેથી, અમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.''

# મુંબઈ એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી

## ઈન્ડિગો - એર ઈન્ડિયા ફ્લાઈટ અથડાઈ : સુરક્ષાની દ્રષ્ટિએ બંને વિમાનો તાત્કાલિક કરાયા ગ્રાઉન્ડેડ

નવીદિલ્હી, તા. ૩

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મોટી દુર્ઘટના થતાં ટળી. દેશની બે મુખ્ય એરલાઈન્સ એર ઈન્ડિયા અને ઈન્ડિગોના વિમાન એકબીજા સાથે અથડાયા હતા. સારી વાત એ છે કે આ ટક્કરમાં કોઈ મુસાફરને ઈજા થઈ નથી, પણ સુરક્ષાની દ્રષ્ટિથી બંને વિમાનને તાત્કાલિક ગ્રાઉન્ડ કરી દીધા છે. એટલે કે ઉડાન ભરતા રોકવામાં આવી છે. આ ઘટના ત્યારે થઈ જ્યારે એર ઈન્ડિયાનું વિમાન પોતાની ઉડાન ભરવા માટે તૈયાર થઈ રહ્યું હતું અને ઈન્ડિગોનું વિમાન લેન્ડિંગ બાદ પાર્કિંગ-વે તરફ જઈ રહ્યું હતું. મુંબઈથી કોયમ્બતૂર જઈ રહેલી ફ્લાઈટ નંબર AI 2732 ઉડાન ભરવા માટે પુશબેકની સ્થિતિમાં હતું. ઠીક એ જ સમયે હૈદરાબાદથી આવેલી ઈન્ડિગોની ફ્લાઈટ 6E ૭૯૧ લેન્ડિંગ બાદ ટેક્સી-વેથી પસાર થઈ રહ્યું હતું. આ દરમ્યાન બંને વિમાનની વિંગ એકબીજા સાથે અથડાઈ ગઈ. બંને વિમાન વચ્ચે ટક્કર થતાં વિમાનમાં ઝટકા અનુભવાયા, જેનાથી થોડી વાર માટે મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ. સારી વાત એ છે કે આ ઘટનામાં તમામ મુસાફરો સુરક્ષિત છે અને કોઈને પણ ઈજા થઈ નથી.

દુર્ઘટનાના સમયે બંને વિમાન પેસેન્જરથી ભરેલા હતા. ટક્કરની તરત બાદ એટીસી અને ગ્રાઉન્ડ સ્ટાફ હરકતમાં આવ્યો. રાહતની વાત એ છે કે તમામ મુસાફરો સુરક્ષિત છે. એરલાઈન્સે યાત્રીઓને સુરક્ષિત બહાર કાઢવા અને તેમને બીજા વિમાનથી તેમના ગંતવ્ય સુધી મોકલવાની વ્યવસ્થા શરુ કરી છે. દુર્ઘટના બાદ બંને વિમાનોની વિંગને નુકસાન થયું છે. નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયને આ ઘટનાની જાણકારી આપી છે અને મામલામાં તપાસ શરુ કરી દીધી છે કે આખરે ગ્રાઉન્ડ ક્લીયરન્સમાં ચૂક કેવી રીતે થઈ. હાલમાં બંને વિમાનને રિપેર કરી ગ્રાઉન્ડ કરી દીધા છે. એર ઈન્ડિયા તરફથી સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે જેમાં ઘટનાને ટાંકીને કહ્યું છે કે, '૩ ફેબ્રુઆરીના રોજ મુંબઈથી કોઈમ્બતુર જનારી ફ્લાઈટ અઈ ૨૭૩૨ મોડી પડી, કારણ કે જ્યારે વિમાન ઉડાનની તૈયારી કરી રહ્યું હતું ત્યારે તે ટેક્સી વે પર ઉભેલા અન્ય એરલાઈનના વિમાન સાથે સંપર્કમાં આવી ગયું. બંને વિમાનની પાંખો વચ્ચે ટક્કર થઈ જેથી એર ઈન્ડિયાની પાંખને પણ ક્ષતિ પહોંચી છે. સુરક્ષાના કારણોસર ટેકનિકલ તપાસ માટે વિમાનને ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું છે. તમામ મુસાફરો સુરક્ષિત છે. વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યા છે ગ્રાઉન્ડ સ્ટાફ વૈકલ્પિક વ્યવસ્થા કરી રહ્યો છે.

# ચાર મહાનગરોનો AQI સરેરાશ ૧૫૧ને પાર

## રાત્રે ૧૦ વાગ્યાની સ્થિતિએ રાજકોટનું એર કોલેટી ઈન્ડેક્સ ૧૬૮, અમદાવાદ ૧૭૫, વડોદરા ૧૬૯ અને સુરત ૧૭૮

રાજકોટ, તા. ૩

રાજ્યના ચાર મુખ્ય મેટ્રો શહેરોમાં હવાની ગુણવત્તા ફરી એકવાર ચિંતાનો વિષય બની ગઈ છે, તાજેતરના એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ના ડેટામાં પ્રદૂષણનું સ્તર સલામત ધોરણોથી ઘણું નીચે હોવાનું દર્શાવવામાં આવ્યું છે. અધિકારીઓ અને નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે હવાનું પ્રદૂષણ, ખાસ કરીને સવાર અને સાંજના સમયે, વધી રહ્યું છે, જે રહેવાસીઓના સ્વાસ્થ્ય માટે ચિંતા ઉભી કરે છે.

અમદાવાદમાં અચઈ ૧૭૫ નોંધાયું છે, જે મધ્યમથી ખરાબ શ્રેણીમાં આવે છે. આ સ્તરે હવામાં લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી શ્વસન સમસ્યાઓ, આંખમાં બળતરા અને એલર્જી થઈ શકે છે. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે આ પરિસ્થિતિ ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને અસ્થમા અથવા અન્ય શ્વસન રોગોથી પીડાતા લોકો માટે જોખમી છે.

સુરત ચાર શહેરોમાં સૌથી વધુ પ્રદૂષિત હતું, જેનો AQI ૧૭૮ હતો, જે સ્પષ્ટપણે ખરાબ શ્રેણીમાં આવે છે. નિષ્ણાતોના મતે, આ સ્તરની હવા સ્વસ્થ લોકો માટે પણ અસ્વસ્થતા પેદા કરી શકે છે, જ્યારે અસ્થમા અને હૃદય રોગ ધરાવતા લોકો માટે ગંભીર જોખમ ઊભું કરે છે. ઔદ્યોગિક ઉત્સર્જન, ભારે વાહનોનો ટ્રાફિક અને ચાલુ બાંધકામ કાર્યને બગડતી હવાની ગુણવત્તાના મુખ્ય કારણો તરીકે દર્શાવવામાં આવ્યા છે.

રાજકોટમાં AQI ૧૬૮ નોંધાયું હતું, જે મધ્યમ શ્રેણીમાં આવે છે. જોકે આ અન્ય શહેરો કરતા ઓછું છે, વાહનોના ઉત્સર્જન અને ધૂળના કણોમાં




વધારો થવાને કારણે પ્રદૂષણનું સ્તર ચિંતાનો વિષય છે, જે એકંદર હવાની ગુણવત્તાને અસર કરી રહ્યું છે.

વડોદરામાં, AQI ૧૫૯ હતું, જે ફરીથી હવાની ગુણવત્તામાં ઘટાડો દર્શાવે છે. નિષ્ણાતો પ્રદૂષણ માટે ટ્રાફિક ભીડ, ઔદ્યોગિક પ્રવૃત્તિ અને વાતાવરણમાં પ્રદૂષકોને ફસાવતા હવામાન પરિબળોના સંયોજનને જવાબદાર ગણાવે છે.પર્યાવરણ નિષ્ણાતો અને આરોગ્ય વિભાગે રહેવાસીઓને સતર્ક રહેવા વિનંતી કરી છે. લોકોને સવારે અને સાંજે બહારની પ્રવૃત્તિઓ ટાળવા, બહાર નીકળતી વખતે માસ્ક પહેરવા અને શક્ય હોય ત્યાં સુધી ઘરની અંદર રહેવાની સલાહ આપવામાં આવી છે. નિષ્ણાતોએ પ્રદૂષણના સ્તરને નિયંત્રિત કરવા માટે સરકાર અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કડક પગલાં લેવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે.

એકંદરે, રાજ્યના ચાર મુખ્ય શહેરોમાં હવાની ગુણવત્તા ચિંતાજનક સ્તરે છે, જે અસરકારક પ્રદૂષણ નિયંત્રણ વ્યૂહરચનાઓ બનાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. જ્યાં સુધી પ્રદૂષણ પર કાબુ મેળવવામાં નહીં આવે ત્યાં સુધી આ સ્થિતિ યથાવત જોવા મળશે ત્યારે મળતી માહિતી મુજબ હાલ એર ક્વોલીટી ઈન્ડેક્સ ૧૦૦ ની અંદર આવે તે ખૂબ જરૂરી છે જે માટે તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પરંતુ જે અસર થવી જોઈએ તે થતી નથી અને પરિણામ સ્વરૂપે અનેક વિકટ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યાં સુધી એર ક્વોલીટી ઈન્ડેક્સમાં સુધારો નહીં આવે ત્યાં સુધી રોગનું પ્રમાણ પણ વધતું રહેશે.

રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ કણકોટ જવાના રસ્તે સમી સાંજે સરાજાહેર ઘટનાઃ હત્યા બાદ આરોપી પોલીસમાં હાજર

# આડાસંબંધમાં નિલેશ પ્રજાપતિની હત્યા

## બે વર્ષ પહેલા સગાઈ પ્રસંગમાં મૃતક નિલેશ ધોકિયાનો પરિચય આરોપી મહેશ જેઠવાની બહેન સાથે થયો હતોઃ બે મહિનાથી પરિણીતાના પતિને ખબર પડી જતાં તેણે સાળા મહેશને વાત કરી હતીઃ મહેશના સમજાવવા છતાં મૃતક તેની બહેનને મેસેજ કરતો હોઈ ઢાળી દીધો

રાજકોટઃ શહેરમાં વધુ એક હત્યાની ઘટના બની છે. જેમાં એક યુવાનને સરાજાહેર છરીના ૭ થી ૮ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દેવાયો છે. અંકુર રોડ પર રહેતો પ્રજાપતિ યુવાન આરોપી પ્રજાપતિ શખ્સની બહેનને મેસેજ કરતો હોવાને કારણે આ ઘટના બની હોવાનું બહાર આવ્યું છે. આરોપીને તાલુકા પોલીસે સકંજામાં લીધો છે. બે વર્ષથી મૃતકને આરોપીની બહેન સાથે પરિચય લફરૂ હતું. આની જાણ બે મહિના પહેલા પરિણીતાના પતિને થઈ જતાં તેણે સાળાને જાણ કરી હતી. આથી આરોપીએ મૃતકને પોતાની બહેન સાથેના સંબંધ પુરા કરવાનું કહ્યું હતું. પણ વારંવાર સમજાવવા છતાં તે સમજતો ન હોઈ અંતે વાત હત્યા સુધી પહોંચી હતી.

વિગતો જોઈએ તો નાના મવા રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે એક યુવાનની સરાજાહેર ક્રૂર હત્યા કરી નાખવામાં આવી છે ઘટનાની જાણ થતા તાલુકા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાન આરોપી પોલીસના




### હત્યાની ક્રૂરતા દર્શાવતો વિડિયો વહેતો થયોઃ તાલુકા પોલીસે આરોપીને સકંજામાં લીધો

જાણવા મળ્યા જાણવા મળ્યા મુજબ સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક કણકોટ જવાના રસ્તા પર સાંજે સરા જાહેર હત્યા ની ઘટના બનતા લોકોના ટોળા ઉમટી પડ્યા છે

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ હત્યાનો ભોગ બનનાર નું નામ નિલેશભાઈ હરિભાઈ ધોકિયા છે અને તેની ઉંમર ૪૩ વર્ષની છે. હત્યાનો ભાગ બનનાર યુવાન ગુરુપ્રસાદ ચોક અંકુર મેઈન રોડ પર રહે છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યા મુજબ મહેશ દિનેશભાઈ જેઠવા નામના યુવાને છરીના છથી સાત ઘા જીંકી દીધા હતા .જેના કારણે નિલેશભાઈની ઘટના સ્થળે જ લોથ ઢળી ગઈ છે. મેસેજ કરવા જેવી વાતે આ હત્યા થયાની પ્રાથમિક વિગતો બહાર આવતા તાલુકા પી આઈ ડી એમ હરીપરા, પી.એસ.આઈ. પી.જી. આલ, અજસિંહ સહિતની ટીમે અને ડી. સ્ટાફ, એલસીબી ઝોન ૨ ટીમ, ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ આરોપીને ઝડપી લેવા તપાસ શરૂ કરી હતી. દરમિયાન આરોપી મહેશ જેઠવા પ્રજાપતિ સામેથી પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને પોતાની બહેનની પાછળ પડી ગયેલા શખ્સને પોતે પતાવી દીધાનું કહેતા ગાંધીગ્રામ પોલીસે તેને તાલુકા પોલીસને સોંપ્યો હતો.

વધુ વિગતો જોઈએ તો હત્યાનો ભોગ બનનાર નિલેશ ધોકિયા બે ભાઈમાં નાનો હતો. તેને સંતાનમાં એક દીકરો દીકરી છે. તે ફર્નિચરનું કામ કરતો હતો. આરોપી મહેશ ફેબ્રિકેશનનું કામ કરે છે.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ બે વર્ષ પહેલાં એક સગાઈ પ્રસંગમાં મૃતક નિલેશ અને આરોપી મહેશની બહેન વચ્ચે પરિચય થયો હતો. મૃતક અને આરોપીની બહેન બંને પરિણીત હોવા છતા પરિચય આગળ વધ્યા પછી પ્રેમમાં પડ્યા હતાં. એક બીજાને મેસેજ કરતા અને ફરતાં પણ હતાં.

દરમિયાન આજથી બે મહિના પહેલા નિલેશ અને પરિણીતાના સંબંધની જાણ તેણીના પતિને થઈ જતાં તેણે પોતાના સાળા મહેશને આ બાબતની વાત કરી હતી અને તેની બહેનને અને નિલેશનો સમજાવવા કહ્યું હતું.

આથી મહેશે પોતાની બહેન ઉપરાંત નિલેશને સમજાવી બધું પુરૂ કરવા કહ્યું હતું. આમ છતાં નિલેશ સમજતો નહોતો અને મેસેજ કરતો હતો. આજે સાંજે નિલેશ ઘટના સ્થળે ચા પીવા આવ્યાની જાણ થતાં મહેશ ત્યાં પહોંચ્યો હતો અને વાતચીત બાદ ઉશ્કેરાઈને છરીથી તૂટી પડ્યો હતો.

હત્યાના લાઈવ દ્રશ્યો વિડીયો વહેતા થયા છે જે અરેરાટી ઉપજાવે તેવા છે. તાલુકા પોલીસ વધુ તપાસ કરે છે.

---

ટી.બી. હારેગા, દેશ જીતેગા

# ક્ષયના ૧૪૮૭ દર્દીઓને ૭૬ લાખની સહાય

## જિલ્લા ક્ષય કેન્દ્રની પહેલ : સેવાભાવીઓના સહયોગથી સાત દિવસમાં ૨૨૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણ

રાજકોટ, તા. ૩

ક્ષયએ આરોગ્ય અને આર્થિક સ્થિતિ પર ઊંડી અસર કરતો પડકારરૂપ રોગ છે. આ પડકારને પહોંચી વળવા માટે ભારત સરકાર 'ટી.બી. હારેગા, દેશ જીતેગા'ના ધ્યેય સાથે મક્કમતાથી આગળ વધી રહી છે. ગુજરાત સરકાર દ્વારા ક્ષય નિર્મૂલન માટે આધુનિક સારવાર, સમયસર નિદાન અને દર્દીઓની વિશેષ દેખરેખ પર ભાર મૂકવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા છેવાડાના માનવી સુધી ટી.બી. વિશે જાગૃતિ ફેલાવવા અને ક્ષયને સામાજિક કલંકને સ્થાને એક સાધ્ય રોગ તરીકે જોવામાં આવે, તેવા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેથી, ટી.બી. મુક્ત ભારતના લક્ષ્યને હાંસલ કરી શકાય.

કેન્દ્ર સરકાર દ્વારા 'ક્ષયમુક્ત ભારત' અભિયાનને વેગ આપવા તથા આર્થિક સહાય કરવા 'નિક્ષય પોષણ યોજના' હેઠળ દર્દીઓને સારવાર દરમિયાન દર માસે રૂ. એક હજાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજકોટ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારના કુલ ૧૪૮૭ ક્ષયના દર્દીઓને કુલ રૂ. ૭૬ લાખ ૧૭ હજારની સહાય પૂરી પાડવામાં આવી છે. આર્થિક સહાય સીધી દર્દીઓના ખાતામાં જમા કરવામાં આવે છે. જેથી, તેઓ તેમની સારવાર દરમિયાન પોષણ અને દવાઓનો ખર્ચ ઉઠાવી શકે. સરકારની આર્થિક મદદ દર્દી ઓને બીમારી સામે લડવાનું બળ આપે છે અને તેમની સાજા થવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી ઘનશ્યામભાઈ મહેતાના માર્ગદર્શન




હેઠળ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટી.બી.ની સારવારમાં પોષણના મહત્ત્વને ધ્યાનમાં રાખીને 'નિક્ષય મિત્ર સપ્તાહ'ની પહેલ શરૂ કરવામાં આવી હતી. ગત તા. ૧૯થી ૨૭ જાન્યુઆરી દરમિયાન વિવિધ સંસ્થાઓ અને સેવાભાવી વ્યક્તિઓના સહયોગથી ૨૨૨ દર્દીઓને પોષણ કિટ આપવામાં આવી હતી. જેમાં શ્રી નરેન્દ્રભાઈ શેઠ દ્વારા પડધરી સરકારી હોસ્પિટલ અને નારણકા પ્રાથમિક આરોગ્ય ખાતે ૪૫ દર્દીઓ, લાયન્સ ક્લબ ઓફ રાજકોટ પ્રાઈડ દ્વારા નંદનવન આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય શ્રી ડો. દર્શિતાબેન શાહ અને શાપર-વેરાવળ ખાતે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં ૬૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, શક્તિમાન ગ્રુપે ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે ૩૦ દર્દીઓને તો, જેતપુર લાયન્સ ક્લબે જેતપુરની સરકારી હોસ્પિટલ ખાતે ૨૫ દર્દીઓને પોષણ કિટ આપી હતી, તેમજ રાજકોટ જિલ્લા આરોગ્ય કેન્દ્ર ખાતે રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન, શ્રી મોનાબેન, શ્રી કોમલબેન ઠક્કર સહિતનાં દાતાઓએ આગળ આવીને ૬૦ દર્દીઓને પૌષ્ટિક આહારની કીટ પહોંચાડી, માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પોષણક્ષમ આહારની કિટમાં મગ, ચણા, સોયાબીન, રાજમા, મગ દાળ, ચણા દાળ, તુવેર દાળ, સીંગદાણા, ખજૂર, ગોળ, દાળીયા અને ચોખા સહિત ધાન્યનો સમાવેશ કરવામાં આવે છે.

આમ, 'ક્ષયમુક્ત ભારત' અભિયાન જનભાગીદારીનું ઉત્કૃષ્ટ પ્રતીક છે. જો સેવાભાવી લોકો ક્ષયના દર્દીઓના પોષણની નૈતિક જવાબદારી સ્વીકારે, તો આપણે ઝડપથી ક્ષયની બીમારીને નાબૂદ કરી શકીએ. સરકાર, સેવાભાવી સંસ્થાઓ અને જાગૃત નાગરિકોના સહયોગથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું ટી.બી. મુક્ત ભારતનું સપનું સાકાર થઈ શકે છે.

---

# ડિજિટલ યુગનું જોખમી ગાંડપણ



## સ્માર્ટફોનાના સોશિયલ મીડિયાના વ્યાપથી માનવીય જીવનશૈલી બદલાઇ : જોખમી સેલ્ફી લેવા પાછળના અનેકવિધ મનોવૈજ્ઞાનિક કારણો

રાજકોટ, તા. ૩

આજના સમયમાં સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાના વ્યાપે માનવીની જીવનશૈલીને સંપૂર્ણપણે બદલી નાખી છે. આ બદલાવમાં 'સેલ્ફી' લેવાનો ક્રેઝ હવે એક ગંભીર મનોવૈજ્ઞાનિક સમસ્યા બનીને ઉભર્યો છે. જ્યારે કોઈ વ્યક્તિ ઊંચા પહાડોની ધાર પર, ચાલતી ટ્રેનની સામે કે દરિયાના તોફાની મોજાઓ વચ્ચે ઊભા રહીને સેલ્ફી લે છે, ત્યારે તેની પાછળ માત્ર ફોટો લેવાનો આનંદ નથી હોતો, પણ એક ઊંડી માનસિક ગડમથલ હોય છે. આ વૃત્તિ પાછળનું સૌથી મોટું કારણ 'સામાજિક માન્યતા' મેળવવાની અતૃપ્ત ભૂખ છે. સોશિયલ મીડિયા પર મળતી લાઈક્સ અને કમેન્ટ્સ વ્યક્તિના આત્મસન્માન સાથે જોડાઈ ગઈ છે.

વ્યક્તિને લાગે છે કે જેટલો જોખમી ફોટો હશે, તેટલી જ વધુ પ્રસંશા મળશે, અને આ પ્રશંસા તેને ભીડમાં અલગ હોવાનો અહેસાસ કરાવે છે.

મનોવિજ્ઞાનની ભાષામાં કહીએ તો, આ એક પ્રકારનો 'એટેન્શન સીકિંગ ડિસઓર્ડર' છે, જેમાં વ્યક્તિ લોકોનું ધ્યાન ખેંચવા માટે પોતાના જીવને પણ દાવ પર લગાવી દે છે.

બીજું મહત્વનું પાસું મગજમાં થતી રાસાયણિક પ્રતિક્રિયા છે. જ્યારે વ્યક્તિ કોઈ જોખમી કાર્ય કરે છે, ત્યારે તેના શરીરમાં એડ્રેનાલિન નો સ્ત્રાવ વધે છે, જે તેને એક અલગ પ્રકારનો રોમાંચ અને ઉત્તેજના આપે છે. આ રોમાંચની સાથે જ્યારે સોશિયલ મીડિયાનો પ્રતિસાદ ભળે છે, ત્યારે મગજમાં 'ડોપામાઈન' રિલીઝ થાય છે, જે આનંદ આપતું રસાયણ છે. આ પ્રક્રિયા એક પ્રકારના નશા જેવી બની જાય છે. જેમ ડ્રગ્સ લેનાર વ્યક્તિને દર વખતે વધુ ડોઝની જરૂર પડે છે, તેમ સેલ્ફીના વ્યસનીને દર વખતે અગાઉ કરતા વધુ જોખમી લોકેશન કે સ્ટંટની જરૂર પડે છે. આને કારણે વ્યક્તિની તાર્કિક વિચારવાની શક્તિ ક્ષીણ થઈ જાય છે અને તે 'સિચ્યુએશનલ અવેરનેસ' એટલે કે આસપાસના જોખમો પ્રત્યેની સભાનતા ગુમાવી બેસે છે. તેને એ વાતનું ભાન નથી રહેતું કે જે સેલ્ફી તે લઈ રહ્યો છે તે કદાચ તેની અંતિમ સેલ્ફી પણ હોઈ શકે છે.

આ ઉપરાંત આને 'નર્સિસિઝમ' અથવા અતિશય અહંકેન્દ્રિતતા સાથે પણ જોડે છે. આવી વ્યક્તિઓ પોતાની જાતને અત્યંત મહત્વની માને છે અને તેમને એવો ભ્રમ હોય છે કે તેઓ અજેય છે. તેમને લાગે છે કે અકસ્માતો તો બીજા સાથે થાય, તેમની સાથે નહીં. આ 'ઇલ્યુઝન ઓફ ઇનવલ્નરેબિલિટી' તેમને વાસ્તવિકતાથી દૂર લઈ જાય છે. વળી, આજના યુવાવર્ગમાં 'ત્રૠખઘ' (Fear of Missing Out) નો વ્યાપ એટલો વધી ગયો છે કે બીજા કોઈએ સાહસિક ફોટો મૂક્યો હોય તો પોતે તેનાથી પાછળ ન રહી જાય તે માટે તેઓ જોખમ ખેડવા તૈયાર થઈ જાય છે. આમ, દેખાદેખી, આંતરિક એકલતા, અને ડિજિટલ દુનિયામાં હીરો બનવાની લાલસા વ્યક્તિને મૃત્યુના મુખ સુધી ખેંચી જાય છે.

અંતે, આ માનસિકતા એ વાતની સાક્ષી પૂરે છે કે આજના ડિજિટલ યુગમાં માણસ પોતાના વાસ્તવિક અસ્તિત્વ કરતાં તેના ડિજિટલ અવતારને વધુ મહત્વ આપી રહ્યો છે.



# દેખાડાનું નહીં આત્મનિર્ભર બજેટ આપવા કોંગ્રેસની માંગ

## મનપાના બજેટ પૂર્વે જ વિપક્ષે નેતા સાગઠીયાએ ૧૯ મુદ્દા સૂચવ્યા

રાજકોટ, તા. ૩

મહાનગરપાલિકા નું આજે બજેટ રજુ થશે ત્યારે વર્ષ ૨૦૨૬ અને ૨૭ માં ચૂંટણીઓ હોવાના કારણે કરબોજો ખુબ ઓછો રાખવામાં આવે તેવું હાલ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે પરંતુ વિરોધીઓ અને વિપક્ષનું માનવું છે કે ગત વર્ષના બજેટમાં જે પણ કામોની જોગવાઈઓ કરવામાં આવી હતી તેમાં ઘણા ખરા કામ હજુ પણ શરૂ થયા નથી ત્યારે આ વર્ષનું બજેટ લોકોને સ્પર્શતું હોય તે ખૂબ જરૂરી છે.

બજેટ પૂર્વે વિપક્ષ નેતા વશરામ સાગઠીયા દ્વારા વિકાસ કામોની યાદી તૈયાર તૈયાર કરવામાં આવી હોવાનું પણ હાલ જાણવા મળી રહ્યું છે ત્યારે તેઓએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ચૂંટણી આધારિત બજેટ નહીં પરંતુ આત્મનિર્ભર અને વાસ્તવિક બજેટ રજૂ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે અને વાસ્તવિક બજેટ રજૂ કરવા માટે ૧૯ મુદ્દાઓ લેખિતમાં વશરામ સાગઠીયા દ્વારા રજુ કરવામાં આવ્યા હોવાનું પણ હાલ જણાઈ રહ્યું છે. હાલ મહાનગરપાલિકાના સત્તાધીશો સમક્ષ વિપક્ષ નો વિરોધ જોવા મળી રહ્યો છે અને પરિણામ સ્વરૂપે જ હાલ યોગ્ય વ્યવસ્થા અને ખાસ તો યોગ્ય બજેટ રજૂ કરવામાં આવે તે અંગેની રજૂઆત પણ વિપક્ષ દ્વારા કરવામાં આવેલી છે હાલ જે ૧૯ મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે તેમાં,

૧) રાજકોટ મહાનગરપાલિકા વતી કોઈ પણ પ્રકારના રાજકોટની પ્રજા ઉપર વધારાના ટેક્સનો બોજો આપવો નહીં અને કોર્પોરેશન દ્વારા વ્યાજ માફી ની સ્કીમ આવે તો કરોડો રૂપિયા જે કોર્પોરેશનના લોકો પાસે બાકી છે તે જમા થઈ શકે

(૨) સામા કાંઠા વિસ્તારમાં રીંગરોડ સુધીમાં જેટલી ટીપી સ્કીમો આવતી હોય તે ફાઈનલ કરવી જોઈએ જેથી કરીને રાજકોટનો વિકાસ ચારે કોર સમતોલ થઈ શકે . ટીપી સ્કીમ નંબર ૧૪, ૪૦, ૧૫, ૧૭, ૧૮ અને ૩૧ કે જે સામે કાંઠે છે તેને ફાઈનલ કરવી જોઈએ.

(૩) સીનીયર સીટીઝન લોકો માટે ચાલતી બસોમાં મફત મુસાફરી કરવાની પરવાનગી આપવી જોઈએ.

(૪) રાજકોટમાં હાલ સફારી પાર્ક બની રહ્યો છે ત્યારે સર્વપ્રથમ યોગ્ય રસ્તાની વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે જરૂરી.

(૫) વોર્ડ નંબર ૧૮,૧૨,૧૧, ૩ અને ૧ બાકી રહેતી જીવન જરૂરી સુવિધાઓ ઝડપથી લોકોને મળે તે અનિવાર્ય.

(૬) ચારે ઝોનમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા એક એક ઈંગ્લીશ મીડીયમ પ્રાથમિક શાળા બનાવી જોઈએ.

(૭) પૂર્વ ઝોનમાં આવેલ પીટીસીની જે જમીન સરકાર હસ્તકની છે તેમાં સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ ઈંગ્લીશ મીડીયમ શાળા લાઈબ્રેરી તેમજ સ્વિમિંગ પૂલ જેવી સુવિધાઓ મળી જોઈએ

(૮) આજી ડેમની પાણીની સંગ્રહ ક્ષમતામાં વધારો થાય તેના માટે આયોજન કરવું પાણી વિતરણ વ્યવસ્થા માટે નવા અંડર ગ્રાઉન્ડ અને ઓવર હેડ ટાંકાઓ બનાવવા

(૯) ખાતર તેમજ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવી જેથી કોર્પોરેશનને આવકમાં પણ વધારો થાય.

(૧૦) રીવર ફ્રન્ટમાં કોર્પોરેશન દ્વારા ચંપકભાઈ વોરા બ્રિજ ૮૦ ફટ રોડ થી કેસરી હિન્દ પુલ સુધીમાં રિવરફ્રન્ટ નું પ્રથમ ફેસ મા નિર્માણ કરવું.

(૧૧) વોર્ડ નંબર ૧૫માં જુદી જુદી જગ્યાએ વિવિધ પાયાના કામોની જરૂરિયાત જે માટે યોગ્ય વ્યવસ્થા અનિવાર્ય.

(૧૨) વોર્ડ નંબર ૧૫માં લાખાજીરાજ ઉદ્યોગ નગરમાં ગત વર્ષે ગેસની પાઈપલાઈન નાખવામાં આવેલ હતી હાલમાં નવી ભૂગળ ગટરનું કામ ચાલુ કરવામાં આવનાર છે તો આ વિસ્તાર માટે નવા ડામર રોડ માટેની અલગથી જોગવાઈ કરી આપવા વિનંતી.

(૧૩) વોર્ડ નંબર ૧૫માં આરસીસીના નવા રોડ બનાવી આપવા ગ્રાન્ટ ફાળવી.

(૧૪) વોર્ડ નંબર ૧૫માં ડ્રેનેજને અને ગંદા પાણીની માસિક ફરિયાદો એવરેજ ૧૦૦૦ ઉપરની સંખ્યામાં નોંધાય છે જેનું યોગ્ય નિવારણ અનિવાર્ય

(૧૫) વોર્ડ નંબર ૧૫માં આવેલ મોહનભાઈ સરવૈયા હોલ કે જેમાં રિનોવેશન ની હાલ જરૂરિયાત છે તેના માટે ગ્રાન્ટની ફાળવણી કરવી.

(૧૬) ૮૦ ફટ રોડની ચોકડી થી આજીડેમ ચોકે સુધીમાં રોડની બંને સાઈડની ખુલ્લી જગ્યામાં સિનિયર સિટીઝન પાર્ક બનાવવા

(૧૭)વોર્ડ નંબર ૧૫ અમુલ સર્કલથી હોન્ડાઈના શોરૂમ સુધી વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈન નાખવાનું કામ હાલ ચાલુ હોય તો ત્યાં નવા ડામર રોડ માટેની અલગથી ગ્રાન્ટની વ્યવસ્થા કરવી.

(૧૮) રીંગરોડ થી રામ વન સુધીના રોડને પૂર્વ મેયર મનસુખભાઈ ચાવડા નામકરણ કરવા માટેની યોગ્ય મંજૂરી આપવી.

(૧૯) ગેર કાયદેસર બાંધકામો પર રેગ્યુલર ટેક્સ કરતા ત્રણ કે ચાર ગણો ટેક્સ વસૂલી આવક વધારવી જરૂરી.

---

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી વિરોધના વંટોળમાં

# અંગ્રેજી ભવનના પ્રોફ.કમલ મહેતા પ્રમોશન મેળવવા રજૂ કર્યા ખોટા સંશોધન પત્ર

### કોંગી આગેવાન અને શિક્ષણવિદ દ્વારા કર્યા આક્ષેપો

### રાજ્ય સરકારના હસ્તક્ષેપ બાદ તપાસ કરવા આદેશ



રાજકોટ, તા. ૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિરોધ શાંત પડવાનું નામ જ નથી લેતું ત્યારે યુનિવર્સિટીના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સભ્ય તથા અંગ્રેજી ભવનના પ્રોફેસર ડોક્ટર કમલ મહેતા સામે છેતરપિંડીના આરોપો લગાડવામાં આવ્યા છે જે બાદ યુનિવર્સિટી દ્વારા આ અંગે તપાસના આદેશ પણ કરવામાં આવ્યા હોવાનું હાલ જાણવા મળ્યું છે ત્યારે કોંગી આગેવાન અને શિક્ષણવિધ નિદત બારોટે આક્ષેપક કરતા કહ્યું હતું કે યુનિવર્સિટીના સિનિયર પ્રોફેસર ડોક્ટર કમલ મહેતાએ પ્રમોશન મેળવવા માટે જૂની તારીખમાં સંશોધન પેપરો છપાવ્યા હતા અને ગેરરીતી આંચરી હતી.

આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ લેખિત ફરિયાદ પણ કરવામાં આવી હતી જે બાદ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટી પાસેથી લેખિત ખુલાસો માંગવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ કમલ મહેતાએ વર્ષ ૨૦૧૫માં NEP 2020નો ઉલ્લેખ કર્યો હતો. ત્યારે આક્ષેપ એ બાબતનો થઈ રહ્યો છે કે વર્ષ ૨૦૧૫માં રજૂ કરવામાં આવેલા પેપરમાં ૨૦૨૦ માં શું થવાનું છે તે કેવી રીતે માલુમ પડે જેને લઈને હાલ અનેક શંકાઓ ઉદભવિત થઈ રહી છે.

બીજીબાજુ ૨૦૧૫ ના પેપરમાં વર્ષ ૨૦૧૮ના સંશોધન પત્રોનો સંદર્ભ તરીકે ઉપયોગ કરાયો છે. જે અશક્ય છે. સૌરાષ્ટ્ર યુનિ.ના સતા મંડળના સભ્ય થવા માટે અંગ્રેજી ભવનના પ્રો. કમલ મહેતાએ જૂની તારીખમાં સંશોધનપત્રો છપાવી પ્રમોશન મેળવવા કૃત્ય આચર્યું હોવાનાં આક્ષેપ સાથે કુલપતિને પત્ર પાઠવી તપાસની માગણી કરવામાં આવી છે.

આ મામલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના પ્રોફેસર ડો. કમલ મહેતાએ તમામ આક્ષેપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, પોતાની લાયકાત મુજબ તેઓ વર્ષ ૨૦૧૪માં જ પ્રમોશન માટે પાત્ર હતા અને તેથી તેમના સંશોધન પેપરો તે સમયગાળાના ગણવામાં આવવા જોઈએ. તેમણે કહ્યું કે, અત્યાર સુધીમાં અનેક સંશોધન પેપરો અને પુસ્તકોનું પ્રકાશન કર્યું છે અને તેમને ખોટી રીતે બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પરંતુ સત્ય હકીકત શું છે તે તપાસ બાદ જ માલુમ પડશે પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હાલ જે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે તેનું યોગ્ય નિવારણ આવે તે ખૂબ જરૂરી છે કારણ કે છેલ્લા ઘણા સમયથી સમયાંતરે એક નહીં અનેકવિધ વિરોધનો વંટોળ ઊભો થઈ રહ્યો છે. ત્યારે હવે પ્રમોશન મેળવવા માટે ખોટા સંશોધન પત્ર અંગ્રેજી ભવનના પ્રોફેસર ડોક્ટર કમલ મહેતા દ્વારા રજુ કરાયા હોવાના આક્ષેપથી યુનિવર્સિટીમાં ખડભરાટ મચી ગયો છે અને આ મુદ્દે રાજ્ય સરકારે હસ્તક્ષેપ કરવો પડ્યો છે.

---




# હિરાસર એરપોર્ટ પાયલોટ ટ્રેનિંગનું કેન્દ્ર

## અમરેલી, મહેસાણા સહિત બોમ્બે રિલાયન્સના પાયલોટ્સને અપાય છે પ્રશિક્ષણ

રાજકોટ, તા. ૩.

હિરાસર ખાતે આંતરરાષ્ટ્રીય હવાઈ મથક ઊભું કરવામાં આવ્યું છે અને તબક્કા વાર વિવિધ સેવાઓ પણ શરૂ કરવામાં આવેલી છે ત્યારે સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલ આ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પાયલોટ ને પ્રશિક્ષણ અપાય તે માટેની ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ સહિતની વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે જેથી અહીં પાયલોટનું પ્રશિક્ષણ પણ શક્ય બને. હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિવિધ નાના શહેરોની ફ્લાઈંગ એકેડેમી તથા મુંબઈ રિલાયન્સના પાયલોટ ને અહીં પ્લેન ઉડાડવા માટેનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે જેથી હવે આ એરપોર્ટ માત્ર મુસાફરી માટે જ નહીં પરંતુ હવાઈ પ્રશિક્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. આ સુવિધા જુના એરપોર્ટ પર ઉપલબ્ધ હતી ત્યારે હવે નવા એરપોર્ટ માં પણ આ સુવિધા શરૂ થઈ ચૂકી છે જેથી પ્લેન શિખતા પાયલોટ માટે આ કેન્દ્ર અત્યંત મહત્વનું પુરવાર થઈ રહ્યું છે. હાલ આ પ્રશિક્ષણ કેન્દ્રને વધુ વિકસિત કરવામાં આવે તે માટેની વ્યવસ્થાઓ પણ ઉભી કરવામાં આવી રહી છે.

હિરાસર એરપોર્ટમાં ૩૦૪૦ મીટરનો લાંબો અને આધુનિક સગવડ સાથેનો રન વે, નવી ટેક્નિકથી સજ્જ ઇન્સ્ટ્રુમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ઈક્જ), ઈમરજન્સી બ્રેકીંગ તેમજ નાઈટ લેન્ડિંગની સગવડ હોવાને કારણે તાલીમ માટે અનુકૂળ રહે છે.

આ વિશે મળતી વિગતો મુજબ મહેસાણાથી ગુજરાત ફ્લાઈંગ કલબ, અમરેલીથી વિઝન ફ્લાઈંગ ઇન્સ્ટિટયુટ, ભાવનગરની ડ્યુન્સ એર એકેડમીનાં તાલીમી પ્લેન રાજકોટનાં એરપોર્ટ અને નેવિગેશન રૂટ પર ટ્રેનિંગ મેળવે છે.

આ ઉપરાંત ભુજ અને જામનગર એરફોર્સથી પણ અનેક વખત પ્રેક્ટિસ માટે એર ક્રાફ્ટ આવતા હોય છે. મુંબઈમાં પાયલોટ્સને ટ્રેનિંગ માટેની ફ્લાઈટને સ્લોટ ન મળતા ત્યાંથી રિલાયન્સ કંપનીના પાયલોટ્સને પણ અહીં જ ટ્રેનિંગ આપવામાં આવે છે.

અહીં સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ અને ત્યારબાદ બપોરે ૩થી ૪ વાગ્યા વચ્ચે આ ટ્રેનિંગ પ્લેન આવે છે. ટીમના જણાવ્યા મુજબ ખાસ કરીને અહીં લેન્ડિંગ અને ટેકઓફની તાલીમ સાથે એરપોર્ટ ગ્રાઉન્ડ બેઈઝ નેવિગેશન અને લેન્ડિંગ ઈક્વિપમેન્ટ વિશે માહિતી આપવામાં આવે છે. આ ટ્રેનિંગ માટે એરપોર્ટ ઓથોરિટીને એક ફલાઈટનાં રૂ.૮૦૦ જેટલું ભાડું ચૂકવવામાં આવે છે.

આવનારા દિવસોમાં અહીં અન્ય વ્યવસ્થાઓ અને તાલીમ માટેના અધ્યતન સાધનો પણ વિકસાવવામાં આવશે જેથી વધુને વધુ પાયલોટ આ સુવિધા નો લાભ લઈ શકશે તેવું એરપોર્ટ ઓથોરિટીના સૂત્રો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે.

---

# મનપાની ચૂંટણી પહેલા કોંગ્રેસનું ગ્રાઉન્ડ વર્ક

## વોર્ડ નંબર નવમાં જન સંપર્ક કાર્યક્રમનું આયોજન, લોકોને પડતી મુશ્કેલીઓની કરાઈ વિશેષ યાદી

રાજકોટ, તા. ૩

મહાનગરપાલિકાની ચૂંટણીઓને આડે હવે ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે. ત્યારે ભાજપને પછાડવા વિપક્ષ દ્વારા એડી ચોટીનો ચોર લગાવવામાં આવી રહ્યું છે મળતી માહિતી મુજબ વોર્ડ નંબર નવમાં જન સંપર્ક કાર્યાલયનું ઉદઘાટન પણ કરવામાં આવ્યું હોવાનું હાલ જાણવા મળ્યું જેનું લોકાર્પણ શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યાલયના લોકાર્પણ પ્રસંગે લોકો સાથે સીધો જ સંવાદ કરવામાં આવ્યો હતો જેમાં તેઓને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા આયોજિત કોંગ્રેસ આપને દ્વાર જનતાની વેદના અભિયાન અંતર્ગત યોજાયો હતો. જનસંપર્ક દરમિયાન નાગરિકોની ફરિયાદો અને સૂચનોને નોંધવા માટે વિશેષ રીતે ફોર્મ ભરાવવામાં આવ્યા હતા, જેથી જનતાની વેદનાને વ્યવસ્થિત રીતે તંત્ર સમક્ષ રજૂ કરી શકાય. હાલ આમ આદમી પાર્ટી એડીચોટી નું જોર લગાવી રહ્યું છે ત્યારે વિપક્ષની જવાબદારીએ યોગ્ય નિભાવવા અને ખાસ ભાજપને ખુલ્લું પાડવા માટે જનકાર્યક્રમ વધારવામાં આવી રહ્યો છે. પરંતુ સત્ય હકીકત એ છે કે શું કોંગ્રેસની આ કામગીરી લોકો સ્વીકારશે કે કેમ તે પણ સૌથી મોટો મુદ્દો જોવા મળ્યો છે. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી જનતાની અવાજ બનવા માટે પ્રતિબદ્ધ છે. જનતાના મૂળભૂત પ્રશ્નોને અવગણતી સરકાર સામે કોંગ્રેસ સંગઠિત રીતે લડત આપશે અને વોર્ડ સ્તરે લોકો સાથે સતત સંપર્કમાં રહી તેમની સમસ્યાઓનો ઉકેલ લાવવા પ્રયાસ કરશે.

જનસંપર્ક કાર્યાલય મારફતે પ્રાપ્ત થયેલી અરજીઓ અને સૂચનોનું સુવ્યવસ્થિત સંકલન કરી સંબંધિત વિભાગો તથા જવાબદાર સત્તાધીશો સમક્ષ અસરકારક રીતે રજૂઆત કરવામાં આવશે. જનહિતના પ્રશ્નોના નિરાકરણ માટે નિયમિત અનુસરણ કરવામાં આવશે અને વોર્ડ સ્તરે સતત સંવાદ જાળવીને નાગરિકોને ન્યાય મળે તે માટે કોંગ્રેસ દ્વારા જરૂરી તમામ લોકશાહી માર્ગો અપનાવવામાં આવશે.



આ કાર્યક્રમમાં ડો. રાજદીપસિંહ જાડેજા સહિત વોર્ડ નં. ૯ ના પ્રમુખ ગિરીશ ભાઈ પટેલ,જસવંતસિંહ ભટ્ટી, ડી.પી મકવાણા,અતુલ રાજાણી,નીતિન ભંડેરી, વૈશાલી શિંદે, મુકુંદ ટાંક, રસિકભાઈ ભટ્ટ, હસુભાઈ ગોસ્વામી, કિંજલ જોશી, દિપ્તી બેન સોલંકી, બ્રિજરાજ રાણા, યગ્નેશ દવે, અશોક ભાઈ જોશી, વિજયસિંહ જાડેજા, કેતન તાળા, હરિભાઈ પટેલ, અશાંશ ગોસ્વામી, દીપુબેન રવિયા, ગોપાલ મોરવાડિયા, મેરૂમબેન, જસુબેન, કેતન ભટ્ટ, મિનિપરા યોગેશ, નીતિન પાચાની. જલ્પેશ કલોલા, ચમનભાઈ એરવાડિયા, રાજેશ કનેરિયા, નવીન દેસાઈ, કમલેશ ભાયાણી, રેણુકાબેન રાછદિયા, રીટાબેન જોશી, કાળુભાઈ વાસજાણ્યા, જીતેન્દ્ર પરમાર, લાખાભાઈ મકવાણા, કાળુભાઈ કુંડારીયા,વિનીત રાણા, શૈલેષ દવે, સંજય ભટ્ટ, આગેવાનો, શહેર કોંગ્રેસના હોદ્દેદારો તથા કોંગ્રેસના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વોર્ડના નાગરિકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# જીવલેણ અસમજ

## સેલ્ફીના ચસ્કામાં અનેક જિંદગી બરબાદ થઇ, છતાં..




રાજકોટમાં રેલવે ટ્રેક પર સેલ્ફી લેતા બે યુવાનોના મોતની ઘટના અત્યંત કમનસીબ છે. આ અકસ્માત ફરી એકવાર સાબિત કરે છે કે સોશિયલ મીડિયાની ઘેલછામાં માનવી પોતાની મૂળભૂત સમજદારી ગુમાવી રહ્યો છે. ડિજિટલ યુગમાં લાઈક્સ અને શેર મેળવવાની સ્પર્ધા એટલી હદે વધી ગઈ છે કે લોકો પોતાના અમૂલ્ય જીવનને દાવ પર લગાવતા અચકાતા નથી. ટ્રેનની ગતિ અને જોખમનું આંકલન કરવામાં થતી એક સેકન્ડની ભૂલ આખા પરિવારને આજીવન રડતી કરી મૂકે છે.

આ પ્રકારની ઘટનાઓ પાછળનું મુખ્ય કારણ સામાન્ય સેન્સનો અભાવ છે. રેલવે ટ્રેક એ કોઈ ફોટોશૂટ માટેનું સ્થળ નથી. ત્યાંથી પસાર થતી ટ્રેનની ગતિ એટલી તીવ્ર હોય છે કે વ્યક્તિને પ્રતિક્રિયા આપવાનો સમય પણ મળતો નથી. યુવા પેઢીમાં સાહસ અને મૂર્ખામી વચ્ચેની રેખા ધૂંધળી થઈ રહી છે. માત્ર એક 'પરફેક્ટ' એન્ગલ મેળવવા માટે પાટા પર ઊભા રહેવું એ બહાદુરી નથી, પણ ઘોર બેદરકારી છે. લોકો ભૂલી જાય છે કે વર્ચ્યુઅલ દુનિયાના વખાણ થોડી ક્ષણોના હોય છે, જ્યારે જીવન કાયમી છે.

ભારતમાં હાલના તબક્કે સમજદારીના શિક્ષણની સખત જરૂર છે. શાળાઓ અને કોલેજોમાં માત્ર પુસ્તકિયા જ્ઞાન આપવાને બદલે વ્યવહારુ સુરક્ષા અને જીવનના મૂલ્યો વિશે શીખવવું જોઈએ. યુવાનોને એ સમજાવવું જરૂરી છે કે ટેકનોલોજીનો ઉપયોગ વિકાસ માટે હોવો જોઈએ, વિનાશ માટે નહીં. ડિજિટલ સાક્ષરતાની સાથે નૈતિક જવાબદારીનું શિક્ષણ આપવું પણ અનિવાર્ય છે. દરેક વ્યક્તિએ સમજવું પડશે કે સેલ્ફી લેતી વખતે આંખે ચડેલા અંધાપાના ચશ્મા ઉતારવા પડશે.

આ અસમજણનો અંત લાવવો જ રહ્યો. જો આપણે હજુ પણ જાગૃત નહીં થઈએ, તો 'સેલ્ફી કિલર' ના શિકાર બનતા લોકોની સંખ્યા વધતી જ રહેશે. માવતરોએ પણ પોતાના બાળકોની ગતિવિધિઓ પર ધ્યાન આપવું જોઈએ. ટ્રેન અડફેટે થયેલા આ મોતે સમાજને ગંભીર ચેતવણી આપી છે. જીવન એ ઈશ્વરની શ્રેષ્ઠ ભેટ છે, તેને કેમેરાના એક ક્લિકમાં હોમી દેવી એ જિંદગી સાથેનો અન્યાય છે. સમજદારી એ જ સાચી સુરક્ષા છે અને તે જ અત્યારની સૌથી મોટી જરૂરિયાત છે.

# સંસદમાં રાહુલ ગાંધીના ભાષણ દરમિયાન ભારે હોબાળો

## ચીન મુદ્દે રાહુલ ગાંધીના ભાષણનો બંને પક્ષો દ્વારા વિરોધ



રાજકોટ, તા. ૩

મંગળવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના સંસદમાં ભાષણ દરમિયાન ભારે હોબાળો થયો. ચીન મુદ્દે રાહુલ ગાંધીના ભાષણનો બંને પક્ષો દ્વારા વિરોધ કરવામાં આવ્યો. રાહુલે કહ્યું, ''મને બોલવા દેવામાં આવી રહ્યો નથી. હું વિપક્ષનો નેતા છું, અને મને બોલવા દેવામાં આવી રહ્યો નથી, ભલે તે મારો અધિકાર છે.'' અમેરિકા સાથેના સોદા અંગે રાહુલે કહ્યું કે મોદીએ દબાણ હેઠળ સમાધાન કરવું પડ્યું. સંસદ સ્થગિત થયા પછી, રાહુલ ગાંધી બહાર આવ્યા અને કહ્યું, ''સૌ પ્રથમ, સરકાર મને બોલવા દેતી નથી. પીએમ મોદી ગભરાઈ ગયા છે. તેમના પર ઘણું દબાણ છે. વિરોધ પક્ષના નેતાને ગૃહમાં બોલવા દેવામાં આવી રહ્યા નથી.''

રાહુલ ગાંધીએ કહ્યું, ''મોદી ગભરાઈ ગયા છે. (અમેરિકા-ભારત) વેપાર સોદો, જે છેલ્લા ચાર મહિનાથી અટકેલો હતો, તેના પર ગઈકાલે રાત્રે નરેન્દ્ર મોદીએ હસ્તાક્ષર કર્યા. તેમના પર ઘણું દબાણ છે.'' તેમણે વધુમાં કહ્યું, ''હજારો કરોડ રૂપિયાથી બનેલ નરેન્દ્ર મોદીની છબીનો ફુગ્ગો ફૂટી શકે છે. મુદ્દો નરવણેના નિવેદનનો નથી. તે એક સાઇડશો છે. હું આ જાણું છું, અને તેઓ પણ આ જાણે છે.'' તેમણે ઉમેર્યું, ''સૌથી મોટી વાત એ છે કે આપણા પીએમ સાથે ચેડા કરવામાં આવ્યા છે. આ કેવી રીતે થયું અને કોણે કર્યું તે અંગે જનતાએ વિચારવું પડશે.'' તેમણે ઉમેર્યું, ''પ્રથમ વખત, રાષ્ટ્રપતિના ભાષણ દરમિયાન વિપક્ષી નેતાને બોલવાની મંજૂરી આપવામાં આવી ન હતી.''

સોદા અંગે રાહુલ ગાંધીએ કહ્યું, ''નરેન્દ્ર મોદીએ આ વેપાર સોદામાં તમારી મહેનત વેચી દીધી છે કારણ કે તેમાં ચેડા થયા છે. તેમણે તમને નહીં, પણ દેશને વેચી દીધો છે. તેથી જ તેમને ત્યાં બોલવાની મંજૂરી નથી. નરેન્દ્ર મોદી ડરી ગયા છે કારણ કે જેમણે તેમની છબી બનાવી છે તેઓ હવે તેને ગુમાવી રહ્યા છે.'' દબાણ અંગે રાહુલે કહ્યું કે અમેરિકામાં અદાણી વિરુદ્ધ એક કેસ છે, જે વાસ્તવમાં મોદી વિરુદ્ધનો કેસ છે. એપ્સટિન ફાઇલ્સમાં ઘણું બધું છે જે અમેરિકાએ હજુ સુધી જાહેર કર્યું નથી. તેના કારણે પણ દબાણ છે. આ બે દબાણ બિંદુઓ છે. દેશે આ સમજવું જોઈએ.''

આ પહેલા, રાહુલ ગાંધી સતત બીજા દિવસે સંસદમાં બોલી શક્યા ન હતા. સાંસદોના વિરોધ વચ્ચે, રાહુલ ગાંધીએ આજે લોકસભામાં કહ્યું, ''હું વિપક્ષનો નેતા છું, અને મને બોલવાનો અધિકાર છે, પરંતુ મને બોલવાની મંજૂરી નથી.'' તેમણે ઉમેર્યું, ''ચીન અને અમેરિકા વચ્ચેનો વિવાદ આજે વિશ્વનો સૌથી મોટો મુદ્દો છે.'' તેમણે ચીન સામે આ મુદ્દો ઉઠાવતાં વિરોધ વધુ વધ્યો. અધ્યક્ષે રાહુલને બોલતા અટકાવ્યા. આ પછી, જ્યારે અધ્યક્ષે અન્ય સાંસદોને ભાષણ માટે બોલાવ્યા, ત્યારે ઘણા વિપક્ષી સાંસદો બોલવા માટે ઉભા થયા નહીં.

ત્રણ સાંસદોએ બોલવાનો ઇનકાર કર્યો. આના કારણે ગૃહમાં ભારે હોબાળો થયો. સાંસદોએ ઘોંઘાટ શરૂ કરતાં સંસદની કાર્યવાહી બપોરે ૩ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ રાહુલ ગાંધી દ્વારા ચીનનો મુદ્દો ઉઠાવવા પર સખત વાંધો ઉઠાવતા કહ્યું, ''અમે તેમને સાંભળવા માંગતા હતા, પરંતુ તેઓ વારંવાર એક જ વાતનું પુનરાવર્તન કરી રહ્યા છે. તેમણે નિયમોનું પાલન કરવું જોઈએ. તેઓ વારંવાર એક જ વાતનું પુનરાવર્તન કરી શકતા નથી.''

# ચૂંટણી પંચની કામગીરી પર પ્રશ્નો ઉઠાવતા મમતા બેનર્જી

## ચૂંટણી પંચે ૬ પત્રોનો જવાબ ન આપ્યો, SIRમાં જીવતા લોકોની હત્યા કરી, દિલ્હીમાં ગાજ્યા બેનર્જી

રાજકોટ, તા. ૩

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મંગળવારે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી, જેમાં ચૂંટણી પંચની કામગીરી પર અનેક પ્રશ્નો ઉભા થયા હતા. કેટલાક લોકોના જૂથ સાથે, મમતા બેનર્જીએ કહ્યું હતું કે, ''મારી પાછળ બેઠેલા લોકો SIRનો ભોગ બન્યા છે. મેં SIR અંગે ચૂંટણી પંચને છ પત્રો લખ્યા હતા, પરંતુ કોઈ જવાબ મળ્યો નથી. ઝખઈનું એક પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચને મળ્યું હતું, પરંતુ તેમાંથી કંઈ મળ્યું નથી. ગૃહમાં પણ, વિપક્ષને યોગ્ય રીતે પોતાનો અવાજ વ્યક્ત કરવાની મંજૂરી નથી.'' મમતા બેનર્જીએ કહ્યું હતું કે, ''૨૦૦૨ માં બંગાળમાં જીંઈછ કરવામાં આવ્યું હતું. ચૂંટણી પહેલા બંગાળમાં જીંઈછ કેમ કરવામાં આવી રહ્યું છે? SIR તમિલનાડુ, કેરળ અને બંગાળમાં કરવામાં આવી રહ્યું છે, જ્યાં વિપક્ષી સરકારો સત્તામાં છે. જીંઈછ દરમિયાન જીવિત લોકોને પણ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. SIR દરમિયાન, તેમણે કેટલાક લોકોને હાથ ઉંચા કરવા માટે કહ્યું હતું કે તેઓ જીવંત છે, પરંતુ SIRમાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.''SIR દરમિયાન મૃત્યુ પામેલા ઇકઘ કાર્યકરોના પરિવારોને પણ હાથ ઉંચા કરવા કહેવામાં આવ્યું હતું. ઈખ મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો હતો કે બંગાળમાં ચૂંટણી નિરીક્ષકો, ભાજપ સાથે જોડાયેલા અધિકારીઓની ગેરકાયદેસર રીતે નિમણૂક કરવામાં આવી હતી. માઇક્રો-ઓબ્ઝર્વર્સની પણ નિમણૂક કરવામાં આવી હતી. બદલાની ભાવનાથી લોકોને બાજુ પર રાખવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું, ''અમર્ત્ય સેનને નોટિસ મોકલવામાં આવી છે. તેમના માતાપિતા વચ્ચે ઉંમરના તફાવતને કારણે તેમને સમન્સ પાઠવવામાં આવી રહ્યા છે. પ્રખ્યાત કવિ જય ગોસ્વામીને પણ નોટિસ પાઠવવામાં આવી છે. નિવૃત્ત આઈટી અધિકારી સીમા ખન્ના પોતાનું નામાંકન પાછું ખેંચી રહ્યા છે. મમતાના મતે, તેઓ ઇઆરઓ તરફથી કોઈ ભલામણ વિના પાછું ખેંચી રહ્યા છે.''

તેમણે કહ્યું કે એસઆઈઆરની સમસ્યા આસામ કે ઉત્તરપૂર્વમાં નહીં, પરંતુ વિપક્ષ શાસિત રાજ્યોમાં થઈ રહી છે. ''મેં છ પત્રો લખ્યા છે. મારા પક્ષના પ્રતિનિધિમંડળે ઘણી વખત ચૂંટણી પંચનો સંપર્ક કર્યો છે. આ મામલો હાલમાં કોર્ટમાં પેન્ડિંગ છે. સુનાવણીની તારીખ નક્કી કરવામાં આવી છે. તેથી, હું આ અંગે કોઈ ટિપ્પણી કરીશ નહીં.'' પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ચૂંટણી પંચ પર, ખાસ કરીને એસઆઈઆર પ્રક્રિયા પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે જીવંત લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા અને ભાજપ સાથે જોડાયેલા અધિકારીઓને ગેરકાયદેસર રીતે નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે તેમણે ચૂંટણી પંચને અનેક પત્રો મોકલ્યા હતા પરંતુ કોઈ જવાબ મળ્યો નથી.

# ન અમે હાર્યા, ન તમે જીત્યા

## પારસ્પરિક ટેરિફ સોદામાં ભારતે ઘણું ગુમાવ્યું : ભારતે કેટલીક ચીજવસ્તુઓ પરના ટેરિફ ઘટાડીને ૧૦૦% કર્યા 'તા



નવીદિલ્હી, તા. ૩

અમેરિકા તરફથી સારા સમાચાર આવ્યા વેપાર સોદો સફળ રહ્યો, અને અમેરિકા દ્વારા આપણા દેશ પર લગાવવામાં આવેલા ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યા. આ ભારતીય વ્યવસાયો માટે ખુશીની વાત છે, પરંતુ એક બીજી વાત બની છે: આ પારસ્પરિક ટેરિફ સોદામાં આપણે ઘણું ગુમાવ્યું છે. ભારત પહેલા કેટલીક અમેરિકન આયાત પર ૧૦૦ ટકા ટેક્સ લાદતું હતું, પરંતુ હવે તે ઘટાડીને શૂન્ય કરવામાં આવ્યું છે. ટેરિફ લાદવામાં આવ્યા તે પહેલાં, અમે અમેરિકન આયાત પર ૧૬.૫ ટકા ટેક્સ લાદ્યો હતો, જ્યારે અમેરિકાએ ભારતમાંથી આયાત થતી વસ્તુઓ પર ૩.૫ ટકા ટેક્સ લાદ્યો હતો. પરિણામે, અમે નફાકારક નહોતા. તે સમયે, આ સોદા પર અમારો ૨૮ ટકા નફો માર્જિન હતો, કારણ કે ભારતની અમેરિકામાં નિકાસ ૧૭૨ બિલિયન હતી, જ્યારે અમેરિકાથી અમેરિકામાં આયાત ૧૪૪ બિલિયન હતી. ભારતમાં મશીનરી અને ઇલેક્ટ્રોનિક્સ પર ખૂબ ઊંચા ટેક્સ હતા.

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લાના ભારતીય ઉદ્યોગસાહસિક ચરણ સિંહ, જે અમેરિકાના ન્યુ જર્સી માં રહે છે, વર્તમાન સોદાને એક સિદ્ધિ કહે છે. તેઓ કહે છે કે ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રપતિ બનતાની સાથે જ વેપાર સંતુલનને પ્રાથમિકતા આપી હતી. તેમણે ભારત પર ટેરિફ વધારીને ૨૫ ટકા કર્યો, જ્યારે ચીન અને કેટલાક અન્ય દેશો પર તેનાથી પણ વધુ ટેરિફ લાદવામાં આવ્યા. પદ સંભાળ્યા પછી, ટ્રમ્પ પર રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે ભારે દબાણ હતું. ભારત અને ચીન તેમની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે રશિયા પાસેથી તેલ આયાત કરી રહ્યા હતા. ટ્રમ્પ ઇચ્છતા હતા કે ભારત અને ચીન રશિયાને યુદ્ધ લંબાવતા અટકાવવા માટે તેલની આયાત બંધ કરે. તેમણે ભારત અને ચીન પર દબાણ લાવ્યું, પરંતુ ભારતની ઉર્જા જરૂરિયાતો અને રશિયા સાથેના ઐતિહાસિક સંબંધોને કારણે આ અશક્ય હતું.

જ્યારે બધું કામ ન થયું, ત્યારે અમેરિકાએ ભારત પર વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો, જેનાથી કુલ ટેરિફ ૫૦ ટકા થયો. ભારત અને અમેરિકાના લોકો વચ્ચે દાયકાઓથી ગાઢ સંબંધો હોવા છતાં, ભારતીય વ્યાવસાયિકો - એન્જિનિયરો, ડોકટરો, પ્રોફેસરો અને વૈજ્ઞાનિકો - યુએસ અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે અને ભારતમાં નોંધપાત્ર રકમ મોકલે છે અથવા રોકાણ કરે છે. જો કે, ટ્રમ્પના ટેરિફથી બંને દેશો વચ્ચેના વેપાર પર ગંભીર અસર પડી, અને ભારતીય વ્યાવસાયિકો પણ પ્રભાવિત થયા. ભારતે સતત તેની ઉર્જા જરૂરિયાતો યુએસને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ કોઈ ઉકેલ મળ્યો નહીં. દરમિયાન, ભારતે તેની નિકાસને અન્ય દેશોમાં રીડાયરેક્ટ કરવાનો પ્રયાસ કર્યો, અને તે સફળ રહ્યો.

ભારતે ચીન, રશિયા, ન્યુઝીલેન્ડ અને અન્ય દેશો સાથે નવી વેપાર ભાગીદારી સ્થાપિત કરી. ૨૬ જાન્યુઆરીના રોજ, ભારતે લાંબા સમયથી અટકેલા વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે ઊઞ નેતાઓને ભારતમાં આમંત્રણ આપ્યું. દરમિયાન, બધા દેશો સાથે ચાલી રહેલા ટેરિફ યુદ્ધને કારણે અમેરિકા પણ અસ્વસ્થ હતું, અને સ્થાનિક ફુગાવો નિયંત્રણમાં આવવામાં નિષ્ફળ રહ્યો હતો.

ઊઞ-ભારત કરાર પછી, અમેરિકા ભારતને ફરીથી પોતાની બાજુમાં લાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું, અને હવે તે લગભગ સફળ થઈ ગયું છે. ભારતે હંમેશા અમેરિકા સાથે સારા સંબંધોને ટેકો આપ્યો છે. બંને દેશો માટે સાથે રહેવું વ્યૂહાત્મક રીતે પણ મહત્વપૂર્ણ છે.

ભારત ચઞઅઉ જૂથનો મુખ્ય સભ્ય છે, અને ટેરિફ વિવાદને કારણે આ ભાગીદારી નબળી પડી ગઈ હતી. તેથી, સોમવારે ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે થયેલા કરારથી બંને દેશોને ફાયદો થયો.

એવું માનવું અતિશયોક્તિ હશે કે ભારતે નોંધપાત્ર સફળતા મેળવી છે, કારણ કે પારસ્પરિક ટેરિફથી બંને દેશો વચ્ચેના વેપાર સંતુલનને ફરીથી સંતુલનમાં લાવવામાં આવ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્ર પર પણ યુએસ કાયદા નિર્માતાઓ દ્વારા ભારતને ટેરિફ રાહત આપવા માટે દબાણ હતું. આ સંદર્ભમાં, ૧૮ ટકા ટેરિફને સંતુલિત માનવું જોઈએ. જોકે, ટેક્સાસમાં રહેતા અન્ય એક ભારતીય ઉદ્યોગસાહસિક નીતિન ત્રિપાઠી આ સોદાથી બહુ ખુશ નથી.

ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લાના મૂળ નિવાસી ગઈંઈ નીતિન ત્રિપાઠી કહે છે કે અમેરિકા સિવાયના દેશો સાથે વેપાર કરારોમાં ભારતનો હાથ ઉપર રહ્યો છે. જોકે, ભારતે અમેરિકા સાથે વેપાર કરારોમાં સમાન સફળતા મેળવી નથી. જોકે, ભારત-અમેરિકા સંબંધોમાં ગરમાવો આવવાના સંકેતો છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# સચ્ચાઈ ! (બોધકથા)

## તુલસી અને સત્યનાં લગ્ન તૂટતાં તૂટતાં બચી ગયાં ! એનું શું કારણ હતું?



મકર સંક્રાંતિ પછી હિન્દુઓમાં લગ્નની ઋતુ શરૂ થાય છે, અને એમ અત્યારે લગ્નની ઋતુ ચાલે છે. પણ લગ્ન ગમે ત્યારે થાય ,જન્માક્ષર મેળવ્યાં હોય! સારા એવાં ગુણ મળતાં હોય, ચંદ્ર સારો હોય, નાડી દોષ ન્હોય, અને મંગળનો દોષ ન્હોય, છતાં આપણને જાણવાં મળે કે ખબર મળે કે, પેલા હરિન્દ્ર ભાઈની દીકરીનાં લગ્ન તૂટી ગયાં, અને સાંભળ્યું છે કે, સાસરી વાળા એ છૂટાછેડા માટે કોર્ટમાં કેસ કર્યો છે! સાંભળનાર વ્યક્તિ ઓહ લે! મને તો ખબર જ નહીં! એમ કહેશે. પછી એ બીજાને કહેશે, પણ થોડો મરી મસાલો ભેળવીને, અને આમ આખી જ્ઞાતિ કે સમાજને ખબર પડી જશે! પણ સચ્ચાઈની નહીં! એટલે લગ્નને નિભાવવા માટે બંને પક્ષે સચ્ચાઈ અને વિશ્વાસની જરૂર હોય છે, અને તૂટે ત્યારે પણ આપણે આ સંબંધ નિભાવી શક્યા નથી, એનું સાચું કારણ સમાજ સામે આવવું જોઈએ! એમાં પણ વકીલ પાસે જાવ તો એ પોતાનો પક્ષ મજબૂત થાય એટલે કેવું કેવું બોલાવે! જેમાં રતીભાર સચ્ચાઈ હોય નહીં. તો લગ્ન નામના કમિટમેન્ટ માટે પાયામાં વિશ્વાસ હોવો બહુ જરૂરી છે, અને આપણી આજની બોધકથાનો બોધ પણ એ અંતર્ગત જ છે.

નવીન ભાઈ પાણી પીવા ઉઠ્યાં, તો એણે જોયું કે સામેના બંગલામાં હજી લાઈટો ચાલુ છે.એણે એની પત્ની નલિનીને જગાડીને કહ્યું કે સાધના બેન અને સંદીપ ભાઈનાં ઘરે બે વાગ્યે પણ લાઈટ ચાલુ છે! નલિની બેને કહ્યું કે એમનાં દિકરા સત્યનાં લગ્ન છે, તે હશે કંઈક એટલે ફેમિલી ડિસક્શન ચાલતું હશે. એમણે કહ્યું પણ અવાજનો ટોન જુદો છે, એટલે કે હરખ નથી વર્તાતો, પણ લડાઈ જેમ ચર્ચા ચાલે છે. નલિની બેને કહ્યું હશે જે હોય તે! એ એનાં ઘરનો પ્રશ્ન છે! સૂઈ જાવ તમે.

વાત જાણે એમ હતી કે સત્ય છેલ્લા સાત વર્ષથી અમેરિકામાં જોબ કરતો હતો! અને હવે લગ્ન કરીએ તો વાંધો આવે એમ નથી! એમ નક્કી થતાં એ લગ્ન માટે ઈન્ડિયા આવ્યો હતો, કારણ કે એને માત્ર રુપાળી નહીં,પણ ભણતર અને સંસ્કારમાં પણ અવ્વલ એવી યુવતીની તલાશ હતી, જે એને આ વિદેશી કલ્ચરમાં મળે નહીં. પોતાના પપ્પાનાં મિત્ર વિવેકની બહેન અનસૂયા બેનની દિકરી તુલસી પર એણે લગ્નનો કળશ ઢોળ્યો હતો. તુલસી પોતે ડબલ ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવતી હતી, અને દેખાવે અત્યંત સુંદર હતી, એમ કહો કે એને અડીએ તો પણ ડાઘ પડી જાય! અને આમ પણ પૂર્ણ સંસ્કારી અને પવિત્ર એવી તુલસી પરિવારનાં બધાને ગમી ગઈ.

લગ્નને બે ત્રણ દિવસ પહેલા કુરિયર એમ કરીને એક સાવ અજાણ્યો માણસ આવીને એક કવર આપી ગયો! જેમાં તુલસી વિશે ગમે તેવી વાત લખી હતી, અને પુરાવા રુપે ફોટા પણ હતાં! જેમાં એ અન્ય યુવક સાથે પ્રેમાતૂર હતી.

એ ફોટામાં ની યુવતીનાં કપડા અને અશ્લીલ હરકતો, જોઈને સત્યનાં મમ્મી પપ્પા અને ભાઈ ભાભીએ આ લગ્ન પર વિરોધ દર્શાવ્યો! પણ સત્યએ કહ્યું કે એક વાર એ તુલસી સાથે વાત કરશે પછી નિર્ણય કરશે! અને એને કહશે કે હું આ પત્ર અને ફોટાની સચ્ચાઈ જાણવા માંગુ છું. પરિવાર જનોને એમ હતું કે સત્ય તુલસીનાં રુપની મોહજાળમાં ફસાઈને ક્યાંક ખોટો નિર્ણય કરી બેસશે! એટલે એ તુલસી સાથે હવે કોઈ વાત નથી કરવી, એમ કહેતાં હતાં પણ સત્ય એ કહ્યું કે લગ્ન કરવા એ અમારા બેયનો નિર્ણય હતો અને હવે લગ્ન નથી કરવાં, એવો નિર્ણય હું એકલો લઈ ન શકું! કમ સે કમ એને લગ્ન નથી કરવાં, એનાં કારણની જાણ હોવી જરૂરી છે.

સત્ય અને તુલસી બંને મળે છે, તુલસી અત્યંત ઉત્કંઠાથી સત્યને કહે છે કે હવે તો બે જ દિવસની વાર છે, પછી આપણે.. સત્ય નીચું જોઈ જાય છે! તુલસી પુછે છે શું થયું? નથી કરવા લગ્ન? કોઈ ગોરી... સત્ય એને બોલતા અટકાવી અને પેલું કવર આગળ કરે છે. તુલસી કવર ખોલે છે, અને એનાં ચહેરાંની એકપણ રેખા તંગ નથી થતી! એ સત્યને કહે છે, કે તે આની પર વિશ્વાસ કરી લીધો! સત્ય એ કહ્યું ના, પણ જણાવવા જેવું કંઈ હોય તો તું મને સચ્ચાઈથી વાકેફ કરી શકે! બિલકૂલ નિર્ભય થઈને એટલે આવ્યો છું.

તુલસીએ કહ્યું કે આ ફોટામાં એક સચ્ચાઈ છે, અને એ છે કે આ યુવકને હું ઓળખું છું, અને એ મારો ક્લાસ મેટ જેસર છે, અને અમે કોલેજ પિકનિકમાં સાથે મુંબઈ ગયાં હતાં, અને ત્યારે મેં આ થોડા મોર્ડન કપડાં પણ પહેર્યા હતાં, બસ બાકી બધું ખોટું છે, અને મારી સચ્ચાઈનો બીજો મારી પાસે પૂરાવો પણ નથી, હવે તારે માનવું હોય તો તું... એનો અવાજ અને આંખો બંને થોડા નમ થયાં, પણ બીજી જ ક્ષણે એણે પોતાની જાતને સંભાળી લીધી, અને ઉભી થતાં બોલી, સત્ય તારું ખાલી નામ જ સત્ય છે, જ્યારે મારું નામ તુલસી છે, અને એ કાયમ પવિત્રતા માટેનું ઉત્તમ ઉદાહરણ છે, એ વાત તું યાદ રાખજે, તારો જે કોઈ નિર્ણય હોય તે, પણ હું આનાથી વધુ કોઈ સાબિતી આપી શકીશ નહીં! અને મારે આપવી પણ ન જોઈએ, કારણ કે એમ તો આપણી આ દસમી મુલાકાત છે! માણસને ઓળખવામાં એક મુલાકાત પણ કાફી છે! તારો નિર્ણય તું પરિવાર સાથે ઘરે આવીને જણાવી જજે, આમ કહી તુલસી ત્વરાથી ઉભી થઈ અને ચાલી ગઈ..

લગ્નની પ્રથમ રાત્રે સત્ય અને તુલસી બંને પોતાનાં બેડ પર બેઠા હતાં, તુલસી એ સત્યને કહ્યું કે થેન્કસ સત્ય મારી પર ટ્રસ્ટ કરવાં માટે! સત્ય એ કહ્યું એમાં થેન્કસ કહેવાની કોઈ જરૂર નથી, મને તારી આંખમાં પૂર્ણ પવિત્રતા દેખાતી હતી. તુલસી ઉભી થઈને પોતાના પર્સ માંથી એક કવર લાવીને સત્યનાં હાથમાં મુક્યું! સત્ય એ કહ્યું કે તુલસી મેં કહ્યું ને કે હું હવે કંઈ જ જોવા નથી માંગતો! તુલસીએ કહ્યું મારી ખાતર લાસ્ટ! ના ના કરતાં કરતાં સત્ય એ કવર ખોલ્યું, કવરમાં સત્ય અને એની ઓફિસ મેટ સર્વિના જાપા સાથેનાં અશ્લીલ ફોટા અને વીડિયો હતાં તેમજ પત્રમાં બંને રિલેશનશીપમાં રહે છે, એવું પણ લખ્યું હતું. સત્ય એ બેબાકળી નજરે તુલસી સામે જોયું તુલસીએ સત્યનો હાથ પકડીને કહ્યું કે રિલેક્સ, મને આ કવર આપણા લગ્નના ચાર દિવસ પહેલાં મળ્યું, પણ મને મારા સત્ય પર પૂરો ભરોસો હતો, એટલે મેં એને વિશે કંઈ જ પૂછ્યું નહીં! ઈન્ફેક્ટ મેં મારા ફેમિલીને પણ કહ્યું નથી! સત્ય એ પોતાના કાન પકડ્યાં અને કહ્યું તારી વાત સાચી છે, મારે પણ આવું જ કરવું જોઈતું હતું! તુલસીએ એનાં મોઢાં પર હાથ મુકીને કહ્યું કે તો શું રાત આમ જ સોરી કહેવામાં કાઢવી છે કે પછી.... અને સત્ય એ તુલસીને પોતાની બાહોમાં સમાવી લીધી..

તો મિત્રો આ એ આઈ જેવી ટેકનોલોજી નો યુગ છે, એમાં શુભચિંતક કરતાં વિરોધી વધારે હોય માટે બહુ સાવધાન રહેવું અને લગ્ન માટે બીજું કંઈ જ મેળવ્યું ન્હોય તો પણ લગ્ન ટકી શકે! પરંતુ જીવનસાથી પ્રત્યે વિશ્વાસ જરૂરી છે. જ્યોતિષ વિદ્યાને આધારે આપણે ત્યાં હસ્ત રેખા અને જન્મ સમયનાં ગ્રહનાં સ્થાન પરથી ગ્રહ મેળવવાની પરંપરા બહુ જૂની છે. પરંતુ હવે સમય બદલાઈ ગયો છે, એટલે અમુક લોકો વૈજ્ઞાનિક રીતે પણ ટેસ્ટ કરાવે છે, પરંતુ સૌથી મહત્વનું તો પાયામાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવો જોઈએ, અને એજ ઉમા મહેશની જેવાં ઉત્તમ દામ્પત્ય તરફ દોરે છે.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### બે ભેરૂ ભેળા થાય તો અલક મલકની વાતો થાય, પણ અહિ ઘડાયો ગુનાખોરીનો પ્લાન

# દારૂ ઢીંચી કરી દોઢ કરોડની ચોરી!

## રિક્ષા લઇને ડોક્ટરના બંગલે પહોંચયા, નિરાતે ચોરી કરી, ડીવીઆર પણ નદીમાં ફેંકી દીધુંઃ પણ પોલીસે બીજા બસ્સો સીસીટીવી ચેક કર્યા અને રીઢા ગુનેગારો ઝડપાઇ ગયા



રાજકોટઃ બે ભાઇબંધ ભેળા થાય તો અલક મલકની વાતો થાય, મોજ મસ્તી ને જુની નવી વાતો થાય. પરંતુ એક ઠેકાણે બે ભાઇબંધ ભેગા થયા પછી બંનેએ સાથે દારૂ ઢીંચ્યો હતો અને મોટી ગુનાખોરી આચરવાનો પ્લાન ઘડી તેને અમલમાં પણ મુકી દીધો હતો. આ બંને નશામાં ચૂર થઇ રિક્ષા લઇ નીકળી પડ્યા હતાં અને ડોક્ટરના બંધ બંગલામાં ત્રાટકી દોઢ કરોડની માલમત્તા ચોરી લીધી હતી. સીસીટીવીનું ડીવીઆર પણ ચોરીને ભેળુ લઇ ગયા હતાં. પરંતુ પોલીસે તપાસ આદરી અને બસ્સોથી વધુ બીજા કેમેરા ચેક કર્યા અને છેલ્લે આ બંને ચોર સુધી પહોંચી ગઇ હતી. જેમાં એક શાતીર રીઢો ગુનેગાર હતો. પોલીસે તમામ મુદ્દામાલ પણ કબ્જે કરી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં આવેલી માણેકબાગ સોસાયટીમાં ડૉક્ટરના બંધ ઘરમાં કરોડોની ચોરી થઈ હતી. કરોડોની ચોરી ચોરીનો ભેદ આખરે ઉકેલાયો છે. ઉત્તરાયણના તહેવાર દરમિયાન પરિવાર સાથે દુબઈ ગયેલા એક ડોક્ટરના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ એક કરોડથી વધુની ચોરી કરી હતી. ડૉક્ટરોના ઘરમાંથી કરોડો રૂપિયાની ચોરી થતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. જેથી, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૨૦૦ જેટલા સીસીટીવી ચેક કર્યા બાદ બે ઘરફોડ ચોરી કરનાર બેને ઝડપી પાડ્યા છે તેમજ ચોરી કરેલો તમામ મુદ્દામાલ પણ કબજે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. સેટેલાઇટ વિસ્તારમાં રહેતા ડૉક્ટર ઉત્તરાયણની રજા હોવાથી પરિવાર સાથે દુબઇ ફરવા માટે ગયા હતા.

આ દરમિયાન માણેકબાગ સોસાયટીમાં રહેતા ડૉક્ટરના ઘરમાં ચોરીની મોટી ઘટના બની હતી. ઉત્તરાયણના તહેવાર દરમિયાન ડોક્ટર પરિવાર સાથે દુબઇ ફરવા ગયા હતા, તે દરમિયાન આ ઘરફોડ ચોરોએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. ઘરમાં ઘૂસીને અંદાજિત એકથી દોઢ કલાક સુધી રોકાયા હતા. આ દરમિયાન સેફ લોકર તોડી ૨૦૩.૫ તોલા સોનાના દાગીના, ૪૫ લાખ રોકડ તેમજ ચાંદી અને ડાયમંડના કિંમતી દાગીનાની ચોરી કરી ભાગી ગયા હતા. ડોક્ટર દુબઈથી ઘરે પરત ફર્યા ત્યારે કુલ ૧.૪૭ કરોડની ઘરમાંથી ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.

જેમાં માત્ર દાગીનાની કિંમત જ ૧ કરોડથી વધુ હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ફરિયાદ નોંધાયા બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બે શાતિર તસ્કરોની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની તપાસ સામે આવ્યું કે, આરોપી કમલેશ ઉર્ફે ગુગો પરમાર અને મેહુલ પરમાર બંને બાળપણના મિત્રો છે અને રિક્ષા ચલાવે છે. જ્યારે કમલેશ પરમાર રીઢો ઘરફોડ ચોર છે. કમલેશ અને મેહુલ દારૂ પીવા મળ્યા ત્યારે ઘરફોડ ચોરી કરવાનું નક્કી કર્યું હતું. રિક્ષા લઈને માણેકબાગ ચોરી કરવા પહોંચ્યા હતા. ચોરી કર્યા બાદ પોતાની ઓળખ ન થાય તે માટે તસ્કરો ઘરમાં લાગેલા સીસીટીવીનું ડીવીઆર પણ સાથે લઈ ગયા હતા. બાદમાં ડીવીઆરને નદીમાં ફેંકી દીધું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. ચોરીની ગંભીરતાને ધ્યાનમાં લઈને તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચે ૨૦૦ કરતા વધ સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા.

ક્રાઈમ બ્રાન્ચે હ્યુમન ઈન્ટેલિજન્સ, ટેકિન્કલ સર્વેલેન્સ અને બાતમીના આધારે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ ચોરીના પૈસાથી ૫ લાખની કારની બુકિંગ કરી હતી. આરોપી કમલેશ પરમાર સામે અગાઉ સેટેલાઇટ, સાબરમતી, પાલડી, વાડજ, નવરંગપુરા અને ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ બહાર આવ્યું હતું. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી કાર્યવાહી કરીને કરોડોની ચોરીનો ભેદ ઉકેલ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે ચોરીમાં ગયેલા તમામ રોકડ, સોના-ચાંદી તથા ડાયમંડના દાગીના કબ્જે કરી લીધા છે.

આરોપીઓએ અન્ય કેટલા ગુનાઓ આચાર્ય છે અને આ ઘરફોડ ગેંગમાં અન્ય કેટલા આરોપીઓ સંડોવાયેલા છે તે મુદ્દે તપાસ શરૂ કરી હતી. ક્રાઇમ બ્રાન્ચ પીઆઈ એમ.એલ.સાલુકેએ જણાવ્યું હતું કે, ફરિયાદીના લાકડાની બારીમાંથી તસ્કરોએ ઘરમાં ઘૂસી ચોરી કરી હતી. ફરિયાદના ઘરમાં ૧.૪૭ કરોડનું ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જેથી અમદાવાદ શહેરની ક્રાઈમ બ્રાન્ચની ટીમને સોંપવામાં આવી હતી. ટેકિન્કલ સર્વેલન્સના આધારે ગુનામાં સંડોવાયેલા બે આરોપીને ઝડપી સો ટકા મુદ્દામાલ જપ્ત કબ્જે કરવામાં આવ્યો છે. કમલેશ ઉર્ફે ગુગો અને મેહુલ પરમારની ધરપકડ કરવામાં આવી હતી. વધુમાં ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ.એ જણાવ્યું હતું કે, ૪૫ લાખ રૂપિયા રોકડા, ૧.૦૧ કરોડના સોનાના દાગીના, ૫૦ હજારનો ચાંદીનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

કમલેશ અગાઉ દસ જેટલા ઘરફોડ ચોરીમાં ગુનામાં પકડાઈ ચૂક્યો છે. મેહુલ વિરૂધ્ધ અત્યાર સુધી કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપીઓ બંને મિત્ર છે.

અગાઉ કમલેશે આ જ સોસાયટીમાં ચોરી કરી હતી. જેથી, તે સોસાયટીથી સારી રીતે વાકેફ હતો. આરોપીઓએ ચોરી કરી રોકડ રકમના બે સરખા ભાગ પાડી લીધા હતાં. તેમજ દાગીના બધા કમલેશે પોતાની પાસે જ રાખ્યા હતા. જો કે દાગીના વેંચીને રોકડા કરી ફરી બંને ભાગ પાડે એ પહેલા પોલીસ તેના સુધી પહોંચી ગઇ હતી. આમ બે ભાઇબંને નશો કર્યા બાદ બંગલામાં ત્રાટકી મસમોટી ચોરી કરી લીધી હતી.

### પૈસા માટે લોહીના સંબંધો પણ ઘણીવાર વિસરાય જાય છે અને સર્જાય છે મોકાણ

# બે લાખ ન દેનારા પિતાને પુત્રએ પતાવ્યા

## રિક્ષા લેવા માટે રકમ માંગી હતીઃ ના પાડનારા બાપને ઢીકાપાટા મારી દિવાલમાં માથા અથડાવી મોતને ઘાટ ઉતાર્યાઃ પોલીસે હત્યારા દિકરાને દબોચી લીધો

રાજકોટઃ નાની મોટી વાતે હત્યાની બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક વખત લોહીના સંબંધો શર્મસાર થયા છે. જેમાં રિક્ષા લેવા માટે બે લાખ રૂપિયા આપવાની ના પાડનારા પિતાને પુત્રએ ક્રુરતાથી મોતને ઘાટ ઉતારી દીધા છે. દિવાલમાં માથા અથડાવી અથડાવીને નિર્દયી દિકરાએ બાપનો જીવ લઇ લીધો હતો.

ચોંકાવનારી આ ઘટના પર નજર કરીએ તો સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં સંબંધોને શર્મસાર કરતી એક ઘટના સામે આવી હતી. જેમાં માત્ર બે લાખ જેવી રકમ માટે એક પુત્રએ પોતાના જ પિતાની ઘાતકી હત્યા કરી નાખી છે. ઓટો રીક્ષા ખરીદવાની જીદ પૂરી ન થતા ઉશ્કેરાયેલા પુત્રએ પિતાને ઢોર માર મારી તેમનું માથું દીવાલમાં ભટકાડી દીધું હતું, જેના કારણે ગંભીર ઈજાઓ થતા પિતાનું કરૂણ મોત નીપજ્યું છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ મૂળ બિહારના પટના જિલ્લાના પાલિગંજ તાલુકાના વતની અને હાલ સુરતના પાંડેસરા, વડોદ ગામ ખાતે આશીર્વાદ નગર સોસાયટી પાસે આવેલી મહેન્દ્રભાઈની ચાલમાં રહેતા જયવંત પાસવાન પોતાના પરિવાર સાથે વસવાટ કરતા હતા.




તેમની સાથે તેમનો પુત્ર જગદીપ ઉર્ફે નિશાંત પણ રહેતો હતો. દરમિયાન જગદીપ પિતા પાસે આવ્યો હતો અને પોતાની આજીવિકા માટે ઓટો રીક્ષા ખરીદવા બે લાખની માંગણી કરી હતી. જયવંતભાઈએ આર્થિક સંકડામણ અથવા અન્ય કોઈ કારણસર તત્કાલ ૨ લાખ આપવાની ના પાડી દીધી હતી. પિતાનો આ નકાર સાંભળતા જ જગદીપ પિત્તો ગુમાવી બેઠો હતો. પિતા-પુત્ર વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. જોતજોતામાં વિવાદ એટલો વકર્યો કે જગદીપે પિતાને બેફામ ગાળો આપવાનું શરૂ કર્યું અને ત્યારબાદ તેમના પર તૂટી પડ્યો હતો.

તેણે પિતાને પેટના ભાગે અને શરીરે ઢીકમુક્કીનો ઢોર માર માર્યો હતો. આક્રોશમાં અંધ બનેલા જગદીપે પિતાના વાળ પકડીને તેમનું માથું જોરથી દીવાલમાં ભટકાડ્યું હતું. આ હુમલાને કારણે જયવંતભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને આંતરિક રક્તસ્ત્રાવ શરૂ થયો હતો. ગંભીર હાલતમાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. એક પુત્રના હાથે જ પિતાના મોતના સમાચાર વહેતા થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ પાંડેસરા પોલીસ ઘટનાસ્થળે અને હોસ્પિટલ પહોંચી હતી.

આ ઘટના મામલે પાંડેસરા પોલીસ ઈન્સપેક્ટર જે.સી.જાદવે જણાવ્યું હતું કે, મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. -ાથમિક પીએમ રિપોર્ટમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. મૃતક જયવંતભાઈના શરીર પર મલ્ટીપલ ઇન્જરીં એટલે કે અનેક જગ્યાએ ઈજાઓના નિશાન મળી આવ્યા છે. માથામાં થયેલી ગંભીર ઈજા અને પેટમાં મારેલા મારને કારણે થયેલી આંતરિક ઈજાઓ તેમના મૃત્યુનું મુખ્ય કારણ બની હોવાનું સામે આવ્યું હતું. જયવંતભાઈનો બીજો દીકરો નિતેશ બિહારમાં રહીને ખેતીકામ અને પરિવારનું ગુજરાન ચલાવે છે. પિતાની હત્યાના સમાચાર મળતા જ નિતેશ તાત્કાલિક સુરત દોડી આવ્યો હતો.

પતાની છત્રછાયા ગુમાવનાર નિતેશે પોતાના સગા મોટા ભાઈ જગદીપ ઉર્ફે નિશાંત વિરુદ્ધ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે નિતેશની ફરિયાદના આધારે જગદીપ વિરૂધ્ધ હત્યાનો ગુનો દાખલ કરી ધરપકડ કરી લેવાઇ હતી. પાંડેસરા પોલીસે ગણતરીના કલાકોમાં જ પિતાની હત્યા કરનાર પુત્ર જગદીપ ઉર્ફે નિશાંતની ધરપકડ કરી લીધી હતી.

આમ પૈસા મામલે એક દિકરાએ સગા બાપનો જીવ લીધો હતો. આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

# ભક્ત બની ભગવાનને છેતરી મહિલાએ ચોર્યો મુકુટ!

## નિરાંતે બેસી બે મિનીટ સુધી દર્શન કર્યા, તક મળતાં જ માતાજીનો મુકુટ ચોરી નીકળી ગઇઃ શો રૂમમાં ત્રાટકતી મહિલા તસ્કરણીઓ હવે મંદિરોમાં પાડ્યા પગલા

રાજકોટઃ ઘણીવાર તસ્કરો મકાન, દૂકાન, શો રૂમ કે કારખાનાઓ સહિતની જગ્યાઓને પડતી મુકી દેવસ્થાનોમાં ત્રાટકીને રોકડ, દાગીના જે મળે તેની ચોરી કરી લેતાં હોય છે. રાજકોટમાં આવો જ એક શખ્સ રહે છે જેના નામે અનેક ગુનાઓ છે, તેમાં સૌથી વધુ ગુના મંદિરોમાં કરેલી ચોરીઓના છે. મોટે ભાગે આવી ચોરીઓમાં પુરૂષ ગુનેગારો સામેલ હોય છે. પણ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક મંદિરમાંથી એક મહિલાએ ભગવાનનો ચાંદીનો મુકુટ ચોરી લીધો હતો. મંદિરમાં આવેલી આ મહિલા તસ્કરણી પહેલા તો બે મિનીટ સુધી ધ્યાન ધરી હાથ જોડીને બેસી રહી હતી અને પોતે ભગવાનની પરમ ભક્ત હોય એ રીતે ભક્તિમાં તરબોળ થઇ ગઇ હતી. પરંતુ પછી અચાનક જ તે ઉભી થઇ હતી અને ચોરી કરી ચાલી નીકળી હતી!

વિગતો પર નજર કરીએ તો ચોરીની આ ઘટના અમદાવાદના રાયખડ વિસ્તારમાં આવેલા પ્રાચીન મંદિર શ્રીકાશી વિશ્વનાથને અજાણી મહિલાએ નિશાન બનાવ્યું હતું. રાયખડ ચાર રસ્તા બીઆરટીએસ પાસે આવેલા સુપ્રસિદ્ધ અને પ્રાચીન શ્રીકાશી વિશ્વનાથ મંદિરમાંથી એક મહિલા દ્વારા ચાંદીના મુકુટની ચોરી કરવાની ઘટના સામે આવી છે, જેથી મંદિરના ટ્રસ્ટીએ સીસીટીવી ફૂટેજના આધારે અજાણી સ્ત્રી સામે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ થઇ હતી. સીસીટીવી ફૂટેજમાં કેદ થયેલી આ ઘટનામાં જોઈ શકાય છે કે મહિલાએ ભગવાનને પણ છોડ્યા નહોતા. અત્યંત ચાલાકીપૂર્વક આખી ટ્રિક અજમાવી હતી; તે મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશીને લગભગ બે મિનિટ સુધી ભક્તિમાં લીન હોવાનો ઢોંગ કરતી રહી હતી.

આ પછી મહિલાને જેવી તક મળી કે તરત જ ભગવાનનો ચાંદીનો મુકુટ ઉઠાવીને રફુચક્કર થઈ ગઈ હતી. અમદાવાદના શ્રીકાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાંથી પાર્વતી માતાજીના ચાંદીના મુકુટની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. મંદિરના પૂજારીએ સાફ-સફાઈ કરતા સમયે કાચનો દરવાજો ખોલ્યો ત્યારે ચાંદીનો મુકુટ ગાયબ હતો, જેથી મંદિરના ટ્રસ્ટીને જાણ કરતાં તેમણે સીસીટીવી ચેક કરતાં ભક્તના વેશમાં આવેલી અજાણી સ્ત્રી કાચનો દરવાજો ખોલીને મુકુટ ચોરી ગઈ હોવાનું કેદ થયું હતું.

પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ પૂજારી મંદિરમાં સાફસફાઈ કરી રહ્યા હતા. સાફસફાઈ દરમિયાન મંદિરની ડાબી બાજુ પર આવેલા પાર્વતી માતાજીના સ્થાનકનો કાચનો દરવાજો ખુલ્લો હોવાનું સામે આવ્યું હતું, જેથી મંદિરના પૂજારીએ અંદર જઈને ચેક કરતાં માતાજીના માથા પર મૂકેલો ચાંદીનો મુકુટ જોવા મળ્યો નહોતો. તેમણે મંદિરના આસપાસના ભાગમાં પણ તપાસ કરી હતી, પરંતુ ક્યાંય પણ ચાંદીનો મુકુટ મળ્યો નહીં. ચાંદીનો મુકુટ ગાયબ થઈ ગયો હોવાનું સામે આવતાં પૂજારીએ ટ્રસ્ટીને જાણ કરી હતી, જેથી મંદિરના ટ્રસ્ટી પણ સ્થળ પર પહોંચી ગયા હતા અને મંદિરમાં અંદર અને બહાર લાગેલા સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. ઝસ્ય બંધ હોવાથી ચાંદીનો મુકુટ કોણ ચોરી ગયું એ જોઈ શકાયું નથી, જેથી તાત્કાલિક ડીવીઆર રિપેરિંગ કરાવ્યું અને એ બાદ મંદિરમાં લાગેલા સીસીટીવી ચેક કરવામાં આવ્યા હતા.

મંદિરમાં લાગેલા સીસીટીવી ચેક કરતા દિવસે સાડા અગીયાર વાગ્યા આસપાસ એક અજાણી સ્ત્રી મંદિરમાં દર્શન કરવા માટે આવી હતી. ગુલાબી કલરની સાડી પહેરીને ભક્તનો વેશ ધારણ કરીને આવેલી સ્ત્રીએ પાર્વતી માતાજીના સ્થાનકનો કાચનો દરવાજો ખોલ્યો હોવાનું સામે આવ્યું હતું. એ બાદ કાચનો દરવાજો ખોલી સ્ત્રીએ માતાજીના માથાના પર મૂકેલો ચાંદીનો મુકુટ ચોરી કરી ફરાર થઈ જતી હોવાનું કેમેરામાં કેદ થયું હતું. ત્યાર બાદ ટ્રસ્ટીએ સ્ત્રી કોણ હતી એની પૂછપરછ કરતાં કોઈ વિગતો મળી નહોંતી, જેથી સીસીટીવીના આધારે ત્રીસ હજારના માતાજીના મુકુટની અજાણી સ્ત્રી ચોરી કરી હોવાની ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણીની સ્ત્રીની શોધખોળ શરૂ કરી છે.

બીજી તરફ રાજકોટ, અમદાવાદ શહેરમાં ગ્રાહક બનીને આવી ચોરીની ઘટનાને અંજામ આપતી ગેંગ સક્રિય થઈ ગઈ છે. તાજેતરમાં ગ્રાહકનો વેશ ધારણ કરી બે જ્વેલર્સની દુકાનમાં અજાણ્યા શખસોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. જમાલપુરમાં જગન્નાથ મંદિર પાસે આવેલી સુમન જ્વેલર્સમાં દુકાન માલિકની નજર ચૂકવી ગ્રાહક બનીને આવેલા અજાણ્યા શખસો ૯ લાખના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા તેમજ ચાંદલોડિયા જગતપુર રોડ પર રાજ જ્વેલર્સમાં સેલ્સમેનની નજર ચૂકવી ગ્રાહક બનીને આવેલી અજાણી મહિલાઓ ૫૧ હજારના સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. બંને ચોરીની ઘટનાને લઈને પોલીસ ફરિયાદ નોંધી ચોરી કરતી ગેંગની શોધખોળ શરૂ કરી હતી. રાજકોટમાં પણ યાજ્ઞિક રોડના શો રૂમમાંથી ગ્રાહકના સ્વાંગમાં આવેલી મહિલા પોણા પાંચ લાખનો ચેઈન ચોરી ગઇ હતી. ત્યાં હવે મંદિરમાં થયેલી ચોરીમાં પણ મહિલાની સંડોવણી ખુલતાં ચકચાર જાગી છે.



### તદ્દન નવતર પ્રયોગઃ એક જ સરખી રીતે ચાર ચાર ઠગાઇઃ એક જ ગઠીયાનું કારસ્તાન?

# ગૌશાળાના નામે વેપારીઓને લગાવી દિધો લાખોનો ચૂનો

## પતરા-પાઇપનો લાખોનો જથ્થો ભરી ચુકવણા પેટે ચેક આપ્યાઃ ત્રણેય વેપારીના ચેક રીટર્ન થયાઃ કુલ મળીને સાડા સત્તર લાખથી વધુની છેતરપીંડી

રાજકોટઃ લોકો સાથે અવાર-નવાર અલગ અલગ રીતે ઠગાઇ થતી રહે છે. કોઇ ગઠીયાઓ ઓનલાઇન શિકાર કરે છે તો કોઇ ઓફલાઇન એટલે કે રૂબરૂ લોકોની સામે આવીને તેને આબાદ છેતરી જાય છે. આવી વધુ એક ઘટના બની છે. જેમાં લોખંડના વેપારી સાથે લાખોની ઠગાઇ થઇ છે. ગઠીયાઓ ગૌશાળા માટે પાઇપ-પતરાની જરૂર છે. કહી બે વેપારીઓ પાસેથી થોડો થોડો કરીને સાડા સાત લાખથી વધુનો માલ ભરી લીધો હતો અને ચુકવણા પેટે ચેક આપ્યો હતો. ગૌશાળાનું નામ પડ્યું હોઇ વેપારીએ વિશ્વાસ રાખી ખરીદનાર પાસેથી ચેક સ્વીકાર્યો હતો. પરંતુ જ્યારે આ ચેક બેંકમાં વટાવવા નાંખ્યો ત્યારે તે ખોટો હોવાનું ખુલતાં વેપારીના હોંશ ઉડી ગયા હતાં. આ બે ઠગાઇ આચરનારા ગઠીયાએ વધુ આવા બે ગુના પણ આચરી લીધાનું સામે આવ્યું હતું. ચારેય મળીને સાડા સત્તર લાખથી વધુની છેતરપીંડી કરી લીધી હતી.

નવતર ફ્રોડની આ ઘટના ભાવનગરના મહુવા અને અમરેલી પંથકની છે. અહિ લોખંડના અલગ-અલગ બે વેપારીઓ પાસેથી ગૌશાળાનો શેડ બનાવવા માટે પાઇપ અને પતરા લઈ જઈ ખોટી સહીવાળા ચેક આપી સાત લાખ ઓગણસિત્તેર હજારની છેતરપિંડી આચરનારા બે શખ્સો સામે મહુવા પોલીસ મથકમાં વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી. મહુવાની નજફ સોસાયટીમાં રહેતા અને મહુવામાં લોખંડ અને પતરાનો વ્યવસાય કરતા મહમદતકી હુસૈનઅલી મોદીએ મહુવા પોલીસ મથકમાં જીજ્ઞેશ અને અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત જીજ્ઞેશભાઈ તેમની દુકાને આવી બગદાણા ગામે ગૌશાળા માટે શેડ બનાવવા માટે રૂ.૪,૫૨,૭૪૨ની કિંમતના લોખંડના પતરા અને પાઈપ ભરી જઈ અમદાવાદા ચાંદખેડાની ઈન્ડસઈન્ડ બેંકનો ખોટી સહીવાળો ચેક આપી તેમની સાથે છેતરપિંડી આચરી હતી.

આ ઉપરાંત તેમની જેમ બીજા વેપારી મોહિતભાઈ ધીરૂભાઈ પીઠવા પાસેથી બગદાણા ગામે ગૌશાળાનો શેડ બનાવવા માટે રૂ.૩,૧૬,૯૭૨ની કિંમતના લોખંડના પતરા અને પાઈપ લઈ જઈ અમદાવાદા ચાંદખેડાની ઈન્ડસઈન્ડ બેંકનો ખોટી સહીવાળો ચેક આપી છેતરપિંડી આચરી હતી. આમ, મહુવાના બન્ને વેપારી સાથે કુલ રૂ.૭,૬૯,૭૧૪ની છેતરપિંડી આચરી હતી. આ અંગે મહુવા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

આવો ત્રીજો ગુનો બગસરામાં સામે આવ્યો છે. જેમાં પાઈપ અને પતરા મંગાવી વેપારી સાથે ૪.૮૮ લાખની છેતરપીંડી આચરવામાં આવી હતી. તેમજ બ્લોક થઈ ગયેલ બેંક ખાતાનો ચેક આપી વેપારી સાથે વિશ્વાસઘાત




કર્યો હતો. આ અંગે બે શખ્સો સામે બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. બગસરામાં ચાર્ડ પાસે રહેતા મિતેશભાઈ મનસુખભાઈ કટેશીયાએ જીજ્ઞેશ પટેલ અને વિજય નામના શખ્સ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે જીજ્ઞેશ પટેલે તેને વોટ્સએપ મારફથ ચીજવસ્તુઓનો ઓર્ડર આપ્યો હતો. ત્યારબાદ ૫ જાન્યુઆરીના રોજ વિજય નામના શખ્સ ટ્રક લઈ આવી તેની ખોડિયાર આયરન ડેપોમાંથી ૨૦ નંગ ૨૦ ફટના પાઈપ, ૧૪૦ નંગ અન્ય પાઈપ તેમજ ૮૦ નંગ પતરા લીધા હતા. તેમજ લેબર વર્કના નાણાં આપ્યા ન હતા. આમ કુલ ૪.૮૮ લાખની રકમ થઈ હતી. ત્યારબાદ મિતેશભાઈ કટેશીયાને બ્લોક થઈ ગયેલા બેંક ખાતાનો ચેક આપવામાં આવ્યો હતો. પરંતુ મિતેશભાઈને નાણાં મળ્યા ન હતા. અહીં છેતરપીંડી થતા આ અંગે બગસરા પોલીસ મથકમાં જીજ્ઞેશ પટેલ અને વિજય નામના શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. આમ, અમરેલી જિલ્લામાં દિન પ્રતિદિન છેતરપિંડીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. લોકો સાવચેત રહે તે જરૂરી છે.

ચોથા બનાવમાં જાફરાબાદના મોટા માણસાના વેપારી પાસેથી માલસામાન લઈ નાણાં નહી આપી રૂપિયા ૫.૦૪ લાખની છેતરપીંડી આચરવામાં આવી હતી. આ અંગે નાગેશ્રી પોલીસ મથકમાં એક શખ્સ સામે ફરિયાદ નોંધાઈ હતી. જાફરાબાદના મોટા માણસા ગામે રહેતા વિપુલભાઈ બાબુભાઈ શેખડાજાફરાબાદના મોટા માણસાના વેપારી પાસેથી માલસામાન લઈ નાણાં નહી આપી રૂપિયા ૫.૦૪ લાખની છેતરપીંડી આચરવામાં આવી હતી. આ અંગે નાગેશ્રી પોલીસ મથકમાં એક શખ્સ સામે ફરિયાદ નોંધાઈ હતી. વધુ માહિતી મુજબ જાફરાબાદના મોટા માણસા ગામે રહેતા વિપુલભાઈ બાબુભાઈ શેખડાએ પંકજ પટેલ નામના શખ્સ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પંકજ પટેલે વિપુલભાઈ શેખડાની અંજની સ્ટીલ નામની દુકાનેથી ડેડાણ ગામે ગૌ-શાળા બનાવવી આપવાની છે અને ત્યા શેડ બનાવવાનો છે. મટીરીયલની જરૂર છે તેમ કહી મટીરીયલનો ભાવ કઢાવ્યો હતો. ત્યારબાદ વિપુલભાઈ શેખડાની ટીંબી હાઈ-વે પર ભરડીયાની સામે આવેલી અંજની સ્ટીલ નામની દુકાનેથી પંકજ પટેલે રૂપિયા ૫.૦૪ લાખનો માલસામાન ભર્યો હતો. પરંતુ નાણાં આપ્યા ન હતા. વિપુલભાઈ શેખડા સાથે છેતરપીંડી આચરી હતી. આ અંગે નાગેશ્રી પોલીસ મથકમાં ગુનો નોંધાતા પીએસઆઈ આર.આર.ગળચર વધુ તપાસ ચલાવી રહ્યા છે. જીજ્ઞેશ એ જ પંકજ હોવાની શંકાએ પોલીસે તપાસ આગળ વધારી છે.

### રંગીલા મોજીલા મસ્તીલા રાજકોટમાં ગમે ત્યારે ગમે તેના તપી જાય મગજ

# અકસ્માત સર્જી, છરી કાઢી દીધી ધમકી

## પાટીદાર ચોકમાં નંબર વગરના ટુવ્હીલરચાલકની કાર માલિક અને ફ્લેટના રહેવાસીઓ સાથે ગુંડાગીરીઃ કોઇ પોલીસ પાસે ગયું તો પતાવી દઈશ કહી ભાગી ગયો

રાજકોટઃ શહેરમાં આમ તો શાંતિ રહેતી હોય છે પરંતુ અમુક તપેલા મગજના લોકો ગમે ત્યારે ગમે તે વાતે ઉકળી જઇ બીજા લોકો સાથે દાદાગીરી, લુખ્ખાગરી જેવુ વર્તન આચરી શાંતિ હણી નાખતા હોય છે. આવી વધુ બે ઘટના બની છે. જેમાં એક શખ્સ પોતે નંબર વગરનું ટુવ્હીલર લઇને નીકળ્યો હતો અને પાર્ક કરાયેલી કાર સાથે અથડાવી દીધુ હતું. અહિ સોરી કહી માફી માંગવાને બદલે તેણે કાર માલિક તેમજ એપાર્ટમેન્ટના રહેવાસીઓની સામે છરી કાઢી હતી અને જો પોલીસને કોઇએ જાણ કરી તો બધાની મારી નાંખીશ એવી ધમકી દઇ ભાગી ગયો હતો. બીજા બનાવમાં કુટુંબી ભાઇના ડખ્ખાનું સમાધાન કરાવવા ગયેલા યુવાનને અજાણ્યા શખ્સોએ બાંધીને ઘુસ્તાવી નાંખ્યો હતો. તેનો આઇફોન, પર્સ પણ ગાયબ થઇ ગયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો સાધુ વાસવાણી રોડ પાટીદાર ચોકમાં આવેલા એપાર્ટમેન્ટમાં રહેતાં ધ્રોલની શાળાના કર્મચારીએ એપાર્ટમેન્ટ પાસે પાર્ક કરેલી કાર સાથે નંબર વગરનું ટુવ્હીલર લઇ નીકળેલા શખ્સે બાઇક અથડાવી દેતાં એપાર્ટમેન્ટના રહેવાસીઓએ તેને સમજાવતાં તેણે ગાળાગાળી કરી ભાગી જઇ થોડીવાર બાદ ફરીથી છરી સાથે ધાકધમકી આપી ખેલ કર્યા હતાં. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે સાધુ વાસવાણી રોડ પાટીદાર ચોક નજીક નંદવીલા બી-૧૦૨ ખાતે પત્નિ, અને પુત્ર-પુત્રી સાથે રહી ધ્રોલ ખાતે સરકારી સ્કૂલમાં ફરજ બજાવતાં છેતાલીસ વર્ષના જગદીશભાઇ નરભેરામભાઇ સવસાણીની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો છે. જગદીશભાઇ વસાણીએ જણાવ્યું છે કે પહેલી તારીખની રાતે સવા અગીયાર આસપાસ મારા દિકરા પ્રીતનો મને ફોન આવ્યો હતો કે પપ્પા આપણી



કુટુંબી ભાઇનું સમાધાન કરવા ગયેલા યુવાનને ટોળકીએ બાંધીને ઘુસ્તાવ્યોઃ આઇફોન-પર્સ પણ પડાવી લેવાયાના આક્ષેપને પગલે તપાસ

ગાડીમાં એક ભાઇએ હોન્ડા ભટકાવ્યું છે, તમે જલ્દી આવો. જેથી હું અમારા એપાર્ટમેન્ટ પાસે મારી કાર પાર્ક કરી હોઇ ત્યાં ગયો હતો.

આ વખતે ત્યાં અક્ષય મનસુખભાઇ ગડારા જે અમારા એપાર્ટમેન્ટમાં જ રહે છે તેણે વાત કરી હતી કે હું મારા ફ્લેટની બારીએ બેઠો હતો ત્યારે અજાણ્યા બાઇકવાળાએ તમારી કાર સાથે બાઇક ભટકાડી દીધુ છે. મારી અલ્ટો કાર જીજે૦૩એલબી-૯૫૧૮ તથા બીજી ગાડીઓ પણ પાર્ક કરેલી હોઇ અહિ અકસ્માત સર્જનાર બાઇકચાલક ઉભો હતો. તેના બાઇકમાં નંબર પ્લેટ નહોતી. આ શખ્સ એકઠા થયેલા એપાર્ટમેન્ટના રહેવાસીઓ સાથે જેમ ફાવે તેમ ગાળો દેતો હતો. આ પછી તે બાઇક મુકીને જતો રહ્યો હતો. થોડીવાર પછી છરી લઇને આવ્યો હતો અને છરી કાઢી અમને બધાને બતાવી ધમકી આપવા માંડ્યો હતો કે-જો પોલીસ ફરિયાદ કરી છે તો બધાને જાનથી મારી નાંખીશ.

આ પછી તે બાઇક લઇને ભાગી ગયો હતો. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. અને. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના જોઇએ તો દોઢસો ફુટ રીંગ રોડ પર રૈયા ટેલીફોન એક્ષચેન્જ પાસે સોમનાથ સોસાયટીમાં રહેતો ત્રીસ વર્ષનો યુવાન વિશાલ પુનમચંદ પરમાર રાતે સાડા અગીયારેક વાગ્યે નાના મવા રોડ મારવાડી બિલ્ડીંગવાળી શેરીમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ બેફામ માર મારતાં લોકો ભેગા થઇ જતાં બધા તેને મુકીને ભાગી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવીયાનગર પોલીસને જાણ કરી હતી. વિશાલના કહેવા મુજબ પોતે હાલ કંઇ કામ કરતો નથી. બે દિવસ પહેલા તેના કુટુંબી ભાઇ અક્ષયને મારવાડી બિલ્ડીંગવાળી ગલીમાં પાનની દુકાને અજાણ્યા સાથે બોલાચાલી થઇ હતી.

આ પછી ફરીથી રાતે આ વાતે ફરીથી તેની સાથે અજાણ્યા શખ્સોએ ડખ્ખો કરતાં પોતાને ફોન આવતાં પોતે ત્યાં ગયો હતો. ભાઇને તેણે ઘરે મોકલી દીધો હતો અને સમાધાનની વાત કરવા તે એકલો જતાં આઠેક શખ્સોએ તેને બેફામ મારકુટ કરી હતી. વિશાલના કહેવા મુજબ કોઇએ તેને પાછળથી પકડી હાથ બાંધી દીધા હતાં અને બાદમાં મારકુટ કરાઇ હતી. પોતાની એક લાખનો આઇફોન અને પર્સ પણ પડાવી લેવાયા હતાં. માલવીયાનગર પોલીસ આ ઘટનામાં હકિકતમાં શું બન્યું? તેની તપાસ કરી કાર્યવાહી કરશે.

### સેલ્ફ ડ્રાઇવમાં રેન્ટ પર કાર આપનારા અનેક લોકો અત્યાર સુધીમાં છેતરાયા છેઃ વધુ એક કિસ્સો

# ત્રણ હજારના ભાડેથી લઇ જઇ અગીયાર લાખની કાર ખાઇ ગયા!

## ગુરૂજીનગર ક્વાર્ટરના મહિલાને પાડોશમાં રહેતો પારસ અને તેનો મિત્ર સમીર છેતરી ગયાઃ યુનિવર્સિટી પોલીસે બંનેને દબોચવા ટીમો કામે લગાડીઃ કારનો ગુનાખોરીમાં ઉપયોગ થવાની મહિલાને શંકા

સેલ્રાજકોટઃ રાજ્યભરમાં હાલમાં કાર રેન્ટ પર સેલ્ફ ડ્રાઇવમાં ભાડે આપવાનું કામ અનેક લોકો કરી રહ્યા છે. પરંતુ આનો પણ ગેરલાભ ગઠીયાઓ ઉઠાવી રહ્યા છે. એવી અનેક ટોળકીઓ સક્રિય થઇ છે જે આવી કાર ભાડેથી લીધા બાદ બારોબાર વેંચી મારે છે અથવા ગીરવે મુકી દે છે. તો અમુક એકલ દોકલ શખ્સો પણ આ પ્રકારની છેતરીંડી કરતાં થઇ ગયા છે. આવી જ એક ઘટના સાધુ વાસવાણી રોડ પર ગુરૂજીનગર ક્વાર્ટરમાં રહેતાં અને રૈયામાં કપડાની દુકાન ચલાવતાં મહિલા સાથે બની છે. તેમની નવેનવી કાર પાડોશમાં રહેતો શખ્સ પોતાના મિત્રને એક દિવસના ત્રણ હજારના ભાડેથી જોઇએ છે તેમ કહીને લઇ ગયા બાદ પાછી ન આપતાં અગીયાર લાખની કાર ઠગાઇથી લઇ ગયાની એફઆઇઆર દાખલ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો સાધુ વાસવાણી રોડ ગુરૂજીનગર આવાસ ક્વાર્ટરમાં રહેતાં અને રૈયામાં કપડાની દૂકાન ચલાવતાં મહિલાની માલિકીની અગીયાર લાખની સ્વીફ્ટ કાર પાડોશમાં જ રહેતાં શખ્સે પોતાના મિત્રને એક દિસ માટે ત્રણ હજારના ભાડેથી જોઇએ છે તેમ કહી લઇ ગયા બાદ પાડોશી અને તેના મિત્રએ આ કાર પાછી જ ન આપતાં મહિલાએ પોલીસને જાણ કરી છે. આ બનાવમાં સાધુ વાસવાણી રોડ ગુરૂજીનગર આવાસ યોજના ક્વાર્ટર નં. ૫૯૭માં રહેતાં




અડતાલીસ વર્ષના ઇલાબેન રાજુભાઇ મારૂની ફરિયાદ પરથી આ ક્વાર્ટરમાં જ નં. ૬૦૬માં રહેતાં પારસ લાભુભાઇ પરમાર તથા સમીર જામ વિરૂધ્ધ છેતરપીડી કરવાનો ગુનો દાખલ કરી બંનેને શોધી લેવા તપાસ શરૂ કરવામાં આવી છે.

પાડોશી દ્વારા જ છેતરાયેલા મહિલા ઇલાબેન મારૂએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું અને રૈયા ગામમાં ક્રિષ્ના સિલેક્શન નામની દૂકાનમાં બેસી કપડાનો વેપાર કરુ છું. મારી પાસે મારી માલિકીની સ્વીફ્ટ કાર જીજે૦૩પીએ-૭૪૧૬ છે. જે નવી જ છે અને તેની કિંમત અગીયાર લાખ જેવી થાય છે. ગત અઠ્ઠાવીસમી જાન્યુઆરીના બપોરે બેથી અઢી આસપાસ હું કામ માટે જ્યુબીલી પાસે કોર્ટ ખાતે હતી ત્યારે અમારી બાજુમાં રહેતાં પારસ લાભુભાઇ પરમારનો મને ફોન આવ્યો હતો. તેણે કહેલું કે મારા મિત્ર સમીર જામને એક દિવસ માટે રૂ. ત્રણ હજાર લેખે ભાડેથી તમારી કાર જોઇએ છે. આથી મેં કહેલું કે હું સમીરને ઓળખતી નથી. જેથી પારસે કહેલું કે તમારી ગાડીની જવાબદારી મારી રહેશે, તમારે ભાડે આપવી હોય તો.

મને વિશ્વાસ આપતાં મેં હા પાડી હતી અને મારા દિકરા કિશનને ગાડી ભાડે આપવાની વાત કરી હતી કે પાડોશી પારસના મિત્રને કાર ભાડેથી આપવાની છે, તે ગાડી લેવા આવશે. આ પછી પારસ અને મારો દિકરો કિશન પારસના મિત્ર સમીર જામને અમારી કાર આપવા ગુરૂજી નગર શાક માર્કેટ પાસે ગયા હતાં. પરંતુ એક દિવસ બાદ ઓગણત્રીસમીએ સમીરને ગાડી પાછી આપી જવા માટે ફોન જોડતાં તેણે ફોન રિસીવ કર્યો નહતો. જેથી મેં પારસને ફોન કરી કહ્યું હતું કે તારો ભાઇબંધ સમીર ફોન ઉપાડતો નથી. આથી પારસે સમીરને ફોન કરતાં તેણે કહેલું કે આઠેક વાગ્યે ગાડી આપી જશે. પરંતુ સાંજે આઠેક વાગ્યે ફરી ફોન કરતાં ત્યારે પણ ગોળ ગોળ વાતો કરી હતી.

આમ મારી કાર પારસ અને સમીર ભાડેથી લઇ ગયા બાદ આજ સુધી પરત આપી ન હોઇ અંતે પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં ઇલાબેને કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સપેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. જી. એસ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરતાં બંને આરોપીને શોધી કાઢવા ડી. સ્ટાફની ટીમો કામે લાગી છે. મહિલાએ એવુ પણ કહ્યું હતું કે તેમની કારનું લોકેશન રાજકોટમાં જ હોવાની માહિતી મળી છે. સમીર જામ રાજકોટમાં તેમજ સુરેન્દ્રનગરમાં પણ રહે છે. આ ગાડીનો કોઇ ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ થાય તેવી પણ તેમને શંકા છે. પોલીસે મહિલાના પાડોશી અને પાડોશીના મિત્રને શોધવા તપાસ શરૂ કરી છે.

ગમે એટલી વાર પકડાય, ગમે એટલી વાર જેલમાં જાય પણ સુધરે નહિ

# ડઝન ગુનામાં સામેલ 'ભાદા'એ કર્યો લાખોનો હાથફેરો

## ગોંડલની ચોરીમાં રાજકોટ ક્રાઇમ બ્રાંચે જુનાગઢીયા કાલીને દબોચી સાડા ત્રણ લાખના દાગીના કબ્જે કરતાં સુત્રધાર તરીકે ભાદા અને યુપીના ભભૂતીના ખુલ્યા નામ

રાજકોટ: અમુક ગુનેગારો એવા હોય છે જે ગમે એટલા ગુના આચરે અને ગમે એટલી વાર જેલમાં જાય તો પણ હમ નહિ સુધરેંગે એ સુત્રને પોતાનો જીવનમંત્ર બનાવીને ગુના આચર્યા જ કરતાં હોય છે. રાજકોટમાં આવો જ એક તસ્કર રહે છે જેની સામે ચોરી, લૂંટ સહિતના તેર ગુના નોંધાઇ ચુક્યા છે. હવે વધુ એક લાખોની ચોરીમાં તે સુત્રધાર તરીકે ઉઘાડો પડ્યો છે. ક્રાઇમ બ્રાંચે ગોંડલમાં થયેલી લાખોની ચોરીનો ભેદ ખોલી રાજકોટના એક શખ્સને સાડા ત્રણ લાખના દાગીના સાથે દબોચી લેતાં આ શખ્સે આ ચોરીમાં મુખ્ય સુત્રધાર રાજકોટ ઢેબર કોલોનીનો ભાદો હોવાનું અને યુપીનો એક શખ્સ પણ સામેલ હોવાનું કહેતાં આ બંનેની શોધખોળ થઇ રહી છે.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચે ગોંડલ સીટીના બી-ડિવીઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં થયેલી લાખોની ચોરીનો ભેદ ઉકેલી એકરીઢા તસ્કરને પકડી લીધો છે. તેની પાસેથી ૩.૫૭ લાખના સોના-ચાંદીના દાગીના કબ્જે કરાયા છે. આ શખ્સની પુછતાછમાં સુત્રધાર તરીકે ડઝનેક ગુનાઓ અગાઉ આચરી ચુકેલા ભાદાનું નામ સામે આવ્યું હતું. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત વિરોધી ગુનાઓ અને ઘરફોડ ચોરીની ઘટનાઓને અટકાવવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

તેમની સુચના અન્વયે અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા તથા એસીપી ક્રાઇમ ભરત બસીયા દ્વારા વણશોધાયેલા ગુનાઓ ઉકેલવા આદેશ અપાયો હતો. અધિકારીઓની આ સુના- આદેશોના પગલે ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સના માધ્યમથી ગોંડલની ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી હતી. ક્રાઈમ બ્રાન્ચના હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ડાંગર, મનીષભાઈ ચાવડા અને ધર્મરાજસિંહ રાણાને ચોક્કસ બાતમી મળી હતી કે, ગોંડલમાં થયેલી ચોરીનો મુદ્દામાલ એક શખ્સ રાજકોટમાં વેચવાની પેરવીમાં છે.

આ બાતમીના આધારે વોચ ગોઠવીને જુનાગઢમાં મેંદરડા રોડ પર રહેતાં ઓગણીસ વર્ષના સન્ની ઉર્ફે કાલી ચંદુભાઈ ચુડાસમાને ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી મળેલા દાગીનાના બિલ કે






આધાર પુરાવા ન મળતા પોલીસે કડક પૂછપરછ હાથ ધરી હતી. જેમાં તેણે ગોંડલ સિટી બી-ડિવિઝન હેઠળના વિસ્તારમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી સન્ની ઉર્ફ કાલી પાસેથી કુલ ૩,૫૭,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ રિકવર કર્યો છે.

કબ્જે થયા તે દાગીનાઓમાં ૨૨ કેરેટના સોનાના દાગીનામાં ૨૭.૭૪૦ ગ્રામનું પેન્ડલ સેટ કિંમત રૂા. ૧,૨૭,૦૦૦, ૩૧.૬૫૦ ગ્રામ વજનના સોનાના બે પાટલા કિંમત રૂા. ૧,૮૦,૦૦૦), અને ૧૦.૯૩૦ ગ્રામનો સોનાનો ચેઈન કિંમત રૂા. ૫૦,૦૦૦)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચાંદીની લક્કીઓ પણ કબ્જે કરવામાં આવી છે. આ તમામ મુદ્દામાલ ગોંડલ ખાતેથી ચોરવામાં આવ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ ગુનામાં પકડાયેલ આરોપી સન્નીની પૂછપરછમાં અન્ય બે સાગરિતોના નામ પણ ખુલ્યા છે. જેમાં રાજકોટના ઢેબરભાઇ કોલોની નજીકના મફતીયાપરામાં રહેતો ભાદાભાઈ દુલાભાઈ સોલંકી અને ઉત્તર પ્રદેશનો રહેવાસી આકાશ ઉર્ફે ભભૂતી બિકાઉભાઈ ચૌહાણ સામેલ છે. ઝડપાયેલા સન્ની વિરૂધ્ધ અગાઉ રાજકોટ ભક્તિનગર પોલીસ અને જુનાગઢમાં ચોરીના ચાર ગુના નોંધાઇ ચુક્યા છે. જ્યારે ભાદા સોલંકી એક રીઢો ગુનેગાર છે. જેના વિરૂધ્ધ રાજકોટના ભક્તિનગર, માલવીયાનગર અને એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લૂંટ, ચોરી અને દારૂના ૧૩ જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

આ ટોળકી રાત્રિના સમયે બંધ મકાનોને નિશાન બનાવી ચોરીને અંજામ આપતી હતી. આ કામગીરી ક્રાઇમ બ્રાંચના પીઆઇ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ અને પીએસઆઇ ડી.પી. ઝાલા, એએસઆઇ સમીરભાઈ શેખ , હેડકોનસ. દિપકભાઇ ડાંગર, કોન્સ. જીલુભાઈ ગરચર, ધર્મરાજસિંહ રાણા, મનિષભાઇ ચાવડા, અશ્વિનભાઈ પંપાણીયાએ કરી હતી. ગોંડલ પોલીસ આરોપીનો કબ્જો મેળવશે અને બાકીના બે આરોપી ભાદા તથા ભભૂતીને શોધી વધુ મુદ્દામાલ કબ્જે કરવા સહિતની કાર્યવાહી કરશે.

# જેના દોઢ મહિના પછી લગ્ન છે તેને કુટુંબીઓએ જ માર્યો માર

## ઘર પાસેના પ્લોટની સફાઇ મામલે યુવાનની થઇ ધોલધપાટ

રાજકોટ: ઘણીવાર પાડોશીઓ તો ઠીક સગા પણ બટાઝટી બોલાવી લેતાં હોય છે. લોધીકા તાબેના નગરપીપળીયા ગામે યુવાન પર તેના જ કુટુંબી ભાભુ, ભાઇ, ભાઇના પત્નિ સહિતે ધોકાથી હુમલો કરી ઢીકાપાટુનો માર પણ મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં લોધીકા પોલીસને જાણ કરાઇ છે.



વિગતો જોઇએ તો નગરપીપળીયામાં રહેતાં અને ખેતી કરી ગુજરાન ચલાવતાં ત્રીસ વર્ષના યુવાન નરેન્દ્રસિંહ સજુભા પરમાર પર ઘર પાસે જ રહેતાં તેના કુટુંબી ભાભુ મનુબા, તેમના દિકરા હરદિપસિં અને હરદિપસિંહના પત્નિ ગોપીબાએ હુમલો કરી ઢીકાપાટુ અને ધોકાથી માર મારતાં સારવાર માટે રાજકોટ દાખલ થતાં લોધીકા પોલીસને જાણ કરવામાં આવી હતી. નરેન્દ્રસિંહે જણાવ્યું હતું કે તેના અવાતા માર્ચ મહિનામાં લગ્ન હોઇ ઘર પાસે એક પ્લોટ ખાલી પડચો છે. લગ્નમાં ઉપયોગ કરવા આ પ્લોટના માલિકને પૃછા કર્યા બાદ તેની સાફસફાઇ કરાવતાં હતાં ત્યારે કુટુંબી સગાએ અહિ શું કામ સફાઇ કરાવો છો? કહી ઝઘડો કરી હુમલો કર્યો હતો. લોધીકા પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

# જાન્યુઆરી માસમાં સરકારને સ્ટેમ્પ ડ્યુટી પેટે ૭૨ કરોડની આવક

## કમૂર્તાના પગલે ડિસેમ્બર માસની સરખામણીમાં જાન્યુઆરીમાં ૩૦૦ દસ્તાવેજો ઓછા નોંધાયા : સાત કરોડની ખાધ , મોરબી એવરગ્રીન રોકાણ માટેનું પોકેટ

રાજકોટ, તા. ૩

રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારની હાલ જે નીતિ જોવા મળી રહી છે તેને ધ્યાને લેતા એ વાત તો સ્પષ્ટ છે કે અત્યારે રીયલ એસ્ટેટ ક્ષેત્રને કઈ રીતે વેગવંતુ બનાવવામાં આવે ત્યારે હાલ શહેર અને જિલ્લાની સબ રજીસ્ટર કચેરીઓ મારફતે જે વિગતો મળી રહી છે તે અનુસાર ડિસેમ્બર ૨૦૨૫ ની સરખામણીમાં જાન્યુઆરી માં દસ્તાવેજ નોંધણીની સંખ્યામાં ૩૦૦ નો ઘટાડો જોવા મળ્યો છે પરિણામ સ્વરૂપે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીની આવકમાં આશરે સાત કરોડની ખાદ્ય ઉભી થઈ છે.

રાજકોટ શહેર-જિલ્લામાં ડિસેમ્બર-૨૫ દરમિયાન ૧૩૫૨૧ મિલકતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન જિલ્લાની ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં થવા પામેલ હતું. જેમાં તેની સ્ટેમ્પ ડ્યુટી અને ફીની ૮૦.૧૯ કરોડની રાજ્ય સરકારને આવક થવા પામી છે. મળતી માહિતી મુજબ ગત જાન્યુઆરી માસમાં શહેર અને જિલ્લામાં આશરે ૧૩,૦૦૦ થી વધુ મિલકતોનું વેચાણ અને તેના દસ્તાવેજો થયા હતાં સામે સરકારને સ્ટેમ્પ ડ્યુટી પેટે ૭૨.૮૯ કરોડની આવક થવા પામી છે જેથી ગત ડિસેમ્બર ૨૦૨૫ ની સરખામણીમાં સાત કરોડથી વધુનું ગાબડું પડ્યું છે.

હાલ સુત્રો દ્વારા જે વિગતો મળી રહી છે તેને અનુસંધાને કમુરતા નો સમય હોવાના પગલે જે મિલકતોનું વેચાણ અને દસ્તાવેજો થવા જોઈએ તે થયા નથી છતાં જાન્યુઆરી મહિનામાં ૧૩,૧૭૭ મિલ્કત દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન થવા પામેલ છે. જેમાં શહેરનો મોરબી રોડ વિસ્તાર એવરગ્રીન રહ્યો છે. મોરબી રોડ વિસ્તારમાં જિલ્લામાં સૌથી વધુ ૧૭૫૧ મિલ્કતોનું વેચાણ થવા પામેલ છે.

જયારે રૈયા વિસ્તારમાં ૧૦૨૮, રતનપરમાં ૯૯૨ રાજકોટ-૧માં ૮૫૭, કોઠારીયા વિસ્તારમાં ૮૦૦, મવામાં ૮૨૨, મવડી વિસ્તારમાં ૧૨૫૩ અને રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૭૭૦ મિલકતોનું વેચાણ થવા પામેલ છે.

જયારે જિલ્લામાં ઉપલેટા તાલુકામાં ૪૬૭, ગોંડલ તાલુકામાં ૧૨૫૩, જેતપુર તાલુકામાં ૬૯૪, ધોરાજી તાલુકામાં ૩૩૦, કોટડાસાંગાણી વિસ્તારમાં ૪૮૭, લોધીકા તાલુકામાં ૮૦૧ જામકંડોરણા તાલુકામાં ૧૨૭ પડધરી તાલુકામાં ૨૨૬, અને વિંછીયા તાલુકામાં ૮૬ મિલકતોનું વેચાણ થતા તેના દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં થવા પામેલ છે.

આમ જિલ્લામાં જાન્યુઆરી-૨૬માં જિલ્લાની ૧૮ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં ૧૩૧૭૭ મિલકત દસ્તાવેજોનું રજિસ્ટ્રેશન થતા તેના ફી પેટે ૧૦.૫૦ કરોડ અને યુઝડ સ્ટેમ્પ ડયુટીની ૬૨.૩૯ કરોડ એમ કુલ ૭૨.૮૯ કરોડની આવક રાજય સરકારને થઈ છે. ત્યારે આ તમામ આંકડાઓની ગંભીરતાને ધ્યાને લઈ એ વાત તો સ્પષ્ટ છે કે આવનારા સમયમાં હજુ પણ આ આંકડો ઘણો વધશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# વ્યાજખોરી: ૨૫ના ૫૫ હજાર ચૂકવ્યા છતાં હુમલો

## પત્નીના ઓપરેશન માટે મિલને લીધેલા નાણાં સામે અફતાબની પઠાણી ઉઘરાણી રીક્ષા ચાલકને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી: પ્ર. નગરમાં ફરિયાદ

રાજકોટ: શહેરમાં વ્યાજખોરોનો ત્રાસ યથાવત હોય તેમ વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના રામાપીર ચોકડી પાસે રહેતા એક રીક્ષા ચાલકે પોતાની પત્નીના ઓપરેશન માટે લીધેલા વ્યાજબી નાણાંના બદલામાં અનેકગણી રકમ ચૂકવી હોવા છતાં, વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી કરી માર માર્યો હોવાની ફરિયાદ પ્રદ્યુમનનગર પોલીસ મથકે નોંધાઈ છે. ફરિયાદી મિલનભાઈ રાજેશભાઈ ગણાત્રા (ઉ.વ. ૩૬) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, આશરે છ મહિના પહેલા તેમની પત્નીના ગાંઠના ઓપરેશન માટે નાણાંની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી તેમણે ભગવતીપરા વિસ્તારમાં રહેતા આફતાબ દલવાણી પાસેથી રૂ. ૨૫,૦૦૦ અને અસલમ ડોકીયા પાસેથી રૂ. ૩૫,૦૦૦ એમ ૨૦ ટકાના ઉંચા વ્યાજે નાણાં લીધા હતા. ફરિયાદીના જણાવ્યા અનુસાર, આફતાબ પાસેથી લીધેલા ૨૫ હજારના બદલામાં અત્યાર સુધી વ્યાજ અને પેનલ્ટી સાથે ૫૫,૦૦૦ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે. તેવી જ રીતે અસલમ ડોકીયાને ૩૫ હજારના બદલામાં અત્યાર સુધી ૪૫,૦૦૦ રૂપિયા ચૂકવ્યા છે. આમ છતાં, આ વ્યાજખોરો સંતોષાયા નહોતા અને વધુ નાણાં માટે પઠાણી ઉઘરાણી ચાલુ રાખી હતી. ગત તારીખ ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બપોરના સમયે મિલનભાઈ પોતાની રીક્ષા લઈને રેલ્વે સ્ટેશન પર પેસેન્જર ઉતારવા ગયા હતા. તે સમયે આફતાબનો ભાઈ સદામ દલવાણી અને એક અજાણ્યો શખ્સ ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ જાહેરમાં ગાળાગાળી કરી મિલનભાઈને ઢીકાપાટુનો ઢોર માર માર્યો હતો અને ધમકી આપી હતી કે, ''જો પૈસા નહીં આપે તો ફરી પકડીને જાનથી મારી નાખીશું.''

આ ઘટના અંગે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના ર્જીઈ જે.એન. ગમારાએ ભારતીય ન્યાય સંહિતા (ઈગજ) ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩(૫) તથા ગુજરાત નાણા ધીરધાર કરનારાઓ બાબતનો અધિનિયમ (મનીલેન્ડ એક્ટ) ૨૦૧૧ ની કલમ ૫, ૪૦ અને ૪૨ મુજબ ગુનો નોંધી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

દરરોજ કોઇને કોઇ સ્વજન છોડી જાય છે પરિવારનો સાથ

# જમવા આવેલા પતિને ઘરમાં પત્નિ મળી લટકતી!

## વિરાણી હાઇસ્કૂલ પાછળ પરિણીતાનો એકળ કારણે આપઘાત: બીજા બનાવમાં નવુ વાહન ખરીદવાની પત્નિને ના કહેતાં યુવાને જીવ દીધો: ત્રીજા બનાવમાં અકળ કારણે શ્રમીકનો આપઘાત: ચોથા બનાવમાં સસરાના ઘરે ઢળી પડતાં મુંબઇના પ્રૌઢનું મૃત્યુ: પાંચમી ઘટનામાં કંપનીમાં પડી જતાં ઇજા થવાથી મજૂરે ગુમાવ્યો જીવ

રાજકોટ: અપમૃત્યુ, આત્મહત્યાની ઘટનાઓ અવિરતર રહી છે. એક કિસ્સામાં પરિણીતાએ અકળ કારણોસર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. નોકરીએથી પતિ ઘરે જમવા આવતાં પત્નિને લટકતી જોતાં દેકારો મચી ગયો હતો. બીજી ઘટનાઓમાં શ્રમીકને નવુ મોટરસાઇકલ ખરીદવાની પત્નિએ ના કહેતાં જીવ આપી દીધો હતો. ત્રીજા બનાવમાં એક શ્રમીકે અકળ કારણોસર મોત મેળવી લીધું હતું. અપમૃત્યુના અન્ય બનાવમાં બે માળની ઉંચાઇથી પડી જતાં મજૂરનો જીવ ગયો હતો. તો મુંબઇથી રાજકોટ સસરાના ઘરે આવેલા પ્રૌઢનું બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું.

પ્રથમ ઘટના જોઇએ તો વિરાણી હાઇસ્કૂલ પાછળ ટાગોર રોડ પર દિનેશ એપાર્ટમેન્ટમાં રહેતાં નિકીતાબેન પિયુષભાઇ વેગડા નામના ઓગણત્રીસ વર્ષના પરિણીતાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. દોઢ વર્ષ પહેલા જ તેણીના લગ્ન થયા હતાં. પતિ પિયુષભાઇ પ્રાઇવેટન નોકરી કરે છે. તેઓ સાંજે ઘરે આવ્યા ત્યારે પત્નિને લટકતી જોતાં અવાચક થઇ ગયા હતાં. દેકારો મચતાં પાડોશી ભેગા થઇ ગયા હતાં અને ૧૦૮ તથા પોલીસને જાણ કરી હતી. કારણ બહાર ન આવતાં એ-ડિવીઝન પીએસઆઇ આર. એમ. બરાડીયાએ તપાસ યથાવત રાખી હતી.

બીજી ઘટનામાં નવા વાહનની ખરીદી મામલે યુવાને દુનિયા છોડી દીધી હતી. ટંકારાના જબલપુર ગામે પત્નીએ નવુ બાઇક લેવાની ના પાડતા પતિએ ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ટંકારા તાલુકાના જબલપુર ગામની સીમમાં આવેલા વિઝન બીલટેક નામના કારખાનામાં મજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના જાબુઆ જિલ્લાના વતની બદીયાભાઈ હુરજીભાઈ ભુરિયા કે જે સાડત્રીસ વર્ષનો હતો તેણે આર્થિક તંગી વચ્ચે નવુ વાહન ખરીદવાની ઇચ્છા પુરી ન થતાં આપઘાત કર્યો હતો.



પોલીસ સુત્રોના કહેવા મુજબ બદીયાભાઈ કારખાનામાં જ કામ કરીને રહેતા હતા. તેમને નવું મોટરસાયકલ ખરીદવાની ઈચ્છા હતી. તેમણે પત્ની સાથે આ અંગે વાત કરી તો પત્નીએ પુત્રના લગ્ન હજુ બાકી હોવા અને હાલ રૂપિયાની સગવડ ન હોવાનું જણાવી બાઇક લેવાની ના પાડી દીધી હતી. આ વાતથી બદીયાભાઈને મનોમન ખૂબ જ આઘાત લાગ્યો હતો.ત્યારબાદ બાથરૂમ જવાનું કહીને કારખાના પાછળ આવેલા નગરપાલિકાના કચરો નાખવાના શેડમાં જઈને ગળેફાંસો ખાઈ લીધો હતો. ઘટનાસ્થળે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહની પોસ્ટમોર્ટમ કરાવીને વધુ તપાસ હાથ ધરી હતી. ત્રીજા બનાવમાં મોરબીના નવા સાદુળકા ગામે ખેતશ્રમિકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તાલુકાના હરિપર કેરાળા ગામે જવાના રસ્તે નવા સાદુળકા ગામે આવેલ શિવલાલભાઈ મગનભાઈની વાડીની ઓરડીમાં રહેતા અને ખેતમજૂરી કરતા મૂળ મધ્યપ્રદેશના વતની પતલિયા ગમલા રાઠવા નામના તેતાલીસ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણોસર વાડીની ઓરડીમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી તપાસ શરૂ કરી છે ચોથા બનાવમાં શહેરના સરદારબાગ સામે આવેલા ચાણકય એપાર્ટમેન્ટમાં સસરાના ઘરે રોકાવા માટે આવેલા મુંબઇના પ્રૌઢ એકાએક બેભાન થઇ ગયા બાદ મોત થયું હતું. મુંબઇમાં બોરીવલી વિસ્તારમાં રહેતા સતાવન વર્ષના સમીરભાઇ ગોકળદાસભાઇ સંપટ પત્ની મોસમીબેન સાથે ત્રણ દિવસ પહેલા રાજકોટમાં સરદારબાગની સામે આવેલા ચાણકય એપાર્ટમેન્ટના દસમામાં માળે રહેતા સસરાના ઘરે રોકવા માટે આવ્યા હત. આજે સવારે તેઓ ન્હાઇને બાથરૂમમાંથી બહાર નીકળતા અચાનક બેભાન થઇ ઢળી પડતા પરિવારજનો તુરત જ દોડી આવ્યા હતા. અને તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ત્યાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજયુ હતું. બનાવની જાણ થતા પ્રનગર પોલીસ મથકના પી.એસ. આઇ. ગમારા તથા રાઇટર પ્રતાપભાઇ સહિતે સિવિલ હોસ્પિટલે પહોંચી પ્રૌઢનું મૃત્યુ પાછળનું કારણ જાણવા મૃતદેહનું પીએમ કરાવવામાં આવ્યું હતું. મૃતક સમીરભાઇ મુંબઇમાં વેપાર કરતા હતા. તેઓ બેભાઇમાં નાના હતા. તે પત્નિ સાથે ત્રણ દિવસથી અહી સસરાના ઘરે રોકાવવા માટે આવ્યા હતા. આજે સવારે બંનેની પરત જવા માટેની ફલાઇટ હતી. પ્રૌઢના મૃત્યુથી પરિવારમાં શોક વ્યાપી ગયો હતો.

પાંચમા બનાવમાં લોધીકાના અભેપર ગામે રહેતાં મુળ ઝારખંડના જેરામભાઇ રઘુભાઇ કેવટ નામના સુડતાલીસ વર્ષના આધેડ ગત સત્યાવીસમીએ નજીકના કલ્યાણપુરમાં કંપનીમાં કામ કરતી વખતે બે માળી જેટલી ઉંચાઇથી પડી જતાં ઇજાઓ થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. અહિ સારવારમાં દમ તોડી દીધો હતો. તેઓ બે ભાઇ અને બે બહેનમાં નાના હતાં. તેમને બે દિકરા અને બે દિકરી છે. લોધીકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આમ પાંચ ઘટનાઓમાં પરિવારોએ પોતાના સ્વજનને ગુમાવી દીધા હતાં.

# શહેરના વિકાસ માટે નવ ટીપી સ્કીમનો ડ્રાફ્ટ તૈયાર

## એજન્સી નિમવા ટેન્ડર પ્રસિદ્ધ : મનપા દ્વારા ૫૯ ટીપી સ્કીમોનો ડ્રાફ્ટ કરાયો તૈયાર જેમાંથી ૪૦ ટીપીને મળી પ્રાથમિક મંજૂરી

રાજકોટ, તા. ૩

કેન્દ્રીય બજેટમાં આ વખતે માળખાગત સુવિધાઓ નો વિકાસ થાય તે દિશામાં હાલ વિવિધ જોગવાઈ કરવામાં આવેલી છે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ રોણા વિસ્તારમાં આવેલી વિવિધ ટીપી સ્કીમ તૈયાર કરવામાં આવી રહી છે કારણ કે રૂડા નો વિસ્તાર ખરા અર્થમાં વધી રહ્યો છે અને ત્યાં ટાઉન પ્લાનિંગની ખૂબ વધુ જરૂરિયાત પણ ઊભી થઈ છે. મળતી માહિતી મુજબ વિકાસના કામોની સાથોસાથ આંતર માળખાકીય સુવિધાઓ વધે તે માટે મહાનગરપાલિકા દ્વારા ૫૯ ટીપી સ્કીમનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે જે પૈકી ૪૦ ટીપી સ્કીમને પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવી છે જ્યારે બાકી રહેતી ૧૯ પૈકી ૯ ટીપી સ્કીમનો ડ્રાફ્ટ હાલ તૈયાર થઈ ગયો હોવાનો પણ માલુમ પડી રહ્યું છે જેનો રેકોર્ડ હાલ તૈયાર કરી માપણી કરવામાં આવશે જે માટેના તમામ કામો એજન્સીને સોંપાશે અને તે માટેની ટેન્ડર પ્રક્રિયા પણ કરવામાં આવી છે. શહેરના છેવાડાના વિસ્તારોમાં વધુ ૯ટીપી સ્કીમ તૈયાર થતા વિકાસ પુરપાઠ આગળ વધશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

રાજ્ય સરકાર દ્વારા શહેરના આંતરમાળખાકીય વિકાસ માટે મહાનગરપાલિકાઓ અને રૂડા વિસ્તારમાં આવતા વિસ્તારોની ટીપી સ્કીમ માટેનો ડ્રાફ્ટ તૈયાર કરવાની સુચના આપવામાં આવી છે. છેલ્લા બે વર્ષ દરમ્યાન દ્દથી વધુ ટીપી સ્કીમનો ડ્રાફ્ટ તૈયાર કરી સરકારમાં મંજૂરી અર્થે મોકલવામાં આવ્યો છે. મહાનગપાલિકાએ કુલ અલગ અલગ વિસ્તારોની ૫૯ ટીપી સ્કીમનો ઈરાદો જાહેર કર્યો છે. જે પૈકી ૪૦ ટીપી સ્કીમ પ્રારંભીક રીતે મંજૂર કરાઈ છે. ૧૯ ટીપી સ્કીમનો ડ્રાફ્ટ મંજૂર થઇ ગયો છે.

મહાનગરપાલિકાની હદમાં જે નવા વિસ્તારો ભર્યા છે અને તેમાં ગ્રામ પંચાયતોમાં વિકાસના કામોની જે ઝડપ જોવા મળી રહી છે તેનાથી ટીપી સ્કીમનું કામ પૂરપાટ આગળ વધશે અને આ માટે સરકારે નવ ટીપી સ્કીમો હાલ તાકીદે મંજૂર કરી હોવાનું પણ માલુમ પડ્યું છે.

ડીજીપીએસ મશીનથી માપણી કરી નગરરચના યોજનાઓ માટે બેઝમેપ બનાવવાની અને રેકોર્ડ તૈયાર કરવાની તથા માપણી રેકોર્ડ પ્રમાણીત કરવા અંગેની કામગીરી અને સર્વે તેમજ ડીમાર્કેશન સંબંધીત કામગીરી માટે એજન્સીને ૫ વર્ષના સમયગાળા માટે કામ સોંપવામાં આવશે. જેના માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે.

મહાનગપાલિકાની હદમાં ભડેલા વાવડી, કોઠારીયા અને મવડીની મોટાભાગની ટીપી સ્કીમનો ડ્રાફટ તૈયાર થઇ ગયો છે. તેમજ અનેક ટીપી સ્કીમનો મંજૂરી મળ્યા બાદ રોડ રસ્તા તેમજ અનામત પ્લોટના કબજા લેવાઈ ગયા છે.



ત્યારે રૂડા વિસ્તારમાં આવતી ગ્રામપંચાયતો અને તાજેતરમાં મહાનગરપાલિકાની હદમાં ભળેલા માધાપર, મુજકા, મોટામવા, ઘંટેશ્વર અને મનહરપુર-૧ સહિતના વિસ્તારોમાં બાકી રહી ગયેલી ટીપી સ્કીમો માટે અત્યારથી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. મહાનગરપાલિકાની હદમાં ભળેલા ગામોની બાકી રહેલી ટીપી સ્કીમો માટે માપણી, સર્વે અને ડીમાર્કેશન સહિતની કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. ત્યારે રૂડા વિસ્તારમાં આવતા અને નજીકના ભવિષ્યમાં રાજકોટ મહાનગરપાલિકાની હદમાં ભળી શકે તેવી ગ્રામપંચાયતોમાં આવતી અનેક ટીપી સ્કીમો માટેની કાર્યવાહી રૂડા દ્વારા શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જેના માટેનો મુશદો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. તેમ જાણવા મળેલ છે.

છેલ્લા ઘણા સમયથી અનેકવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમને આમલી બનાવવા માટેની રજૂઆતો કરવામાં આવી અને મુસદ્દો પણ તૈયાર કરવામાં આવ્યો પરંતુ કોઈ કારણોસર ટીપી મંજૂર થતી ન હતી પરંતુ હાલ અનેકવિધ માંગણીઓ અને રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા તાકીદે નવ ટીપી સ્કીમને મંજૂર કરી છે જેથી હવે બીમારકેશન સહિતની કામગીરી હાથ ધરાશે. ટીપી મંજૂર થતા જ જે તે વિસ્તારના વિકાસનો રથ પણ આગળ ધપશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# ચોટીલામાં ગૌશાળા તોડવા બદલ હાઈકોર્ટની તંત્રને ટકોર

## મામલતદાર પર તપાસ કરવા કોર્ટનો આદેશ : નોટિસ વગર ગૌશાળા તોડી પાડવાનો ટ્રસ્ટનો આક્ષેપ

રાજકોટ, તા. ૩

ચોટીલામાં સરકારી જમીન પર બાંધવામાં આવેલી ગૌશાળા તોડી પાડવાના મુદ્દે મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો જેમાં ગુજરાત હાઈકોર્ટમાં દશનામ ગોસ્વામી સમાજ સેવા ટ્રસ્ટ ચોટીલા દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં સુરેન્દ્રનગરના કલેક્ટર ડેપ્યુટી કલેક્ટર તથા ચોટીલા મામલતદાર અને નગરપાલિકાની કાર્યવાહી સામે અનેકવિધ આક્ષેપો પણ કરવામાં આવ્યા હોવાનું હાલ જણાવી રહ્યું છે.

અરજદારો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે શિયાળા ઋતુ દરમિયાન કોઈપણ નોટિસ આપ્યા વગર વહીવટી તંત્ર દ્વારા ગૌશાળા નો શેડ તોડી પાડવામાં આવ્યો હતો જેમાં અરજદારે કોર્ટમાં પણ સ્વીકાર્યું હતું કે બાંધકામ સરકારી જમીન પર આવેલું છે પરંતુ છેલ્લા એસી વર્ષથી તેવા જમીન પર કબજો ધરાવે છે. એટલું જ નહીં આ વિવાદિત જમીન પર ગૌશાળા, નવગ્રહ મંદિર અને ધર્મશાળા આવેલી છે ત્યારે ૨૦૨૬ જાન્યુઆરીના રોજ ધર્મશાળાનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું જ્યારે વહીવટી તંત્ર દ્વારા મંદિરને નહીં તોડવાની વાત કરવામાં આવી હતી. છતાં પણ ગૌશાળા તોડી પાડવામાં આવી.

૧૫ જાન્યુઆરીના રોજ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, કોઈ નોટિસ આપ્યા વગર ગૌશાળાનો શેડ દૂર કરવામાં આવ્યો છે. કોર્ટએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, શિયાળાની ઋતુમાં ગૌશાળાની ૨૮ ગાયોને ક્યાં રાખવામાં આવશે ? ત્યારબાદ કોર્ટે આદેશ કર્યો હતો કે, ગાયોને કોઈ નુકસાન ન થાય અને જે પણ કાર્યવાહી કરવી હોય તે કાયદાની પ્રક્રિયા મુજબ જ કરવામાં આવે. આ સાથે જ બપોરે ૧૨:૪૦ વાગ્યે



ઓથોરિટીના વકીલે કોર્ટમાં બાંહેધરી આપી હતી કે, હાલની સ્થિતિ જાળવી રાખવામાં આવશે.પરંતુ બાંહેધરી આપ્યા બાદ માત્ર ૨૦ મિનિટમાં જ ઉંઈઇ મશીન દ્વારા ગૌશાળાનો શેડ તોડી પાડવાનો વીડિયો અરજદારના વકીલને તેમના અસીલ તરફથી મળ્યો હતો. અરજદાર તરફથી આક્ષેપ કરવામાં આવ્યો કે ડેપ્યુટી કલેક્ટરે કોર્ટમાં આપવામાં આવેલી બાંહેધરીનો ભંગ કર્યો છે અને કાયદો હાથમાં લીધો છે. સરકારી વકીલે દલીલ કરી હતી કે શેડ તોડવામાં આવે તે પહેલા ગાયોને ત્યાંથી હટાવી લેવામાં આવી હતી. જ્યારે અરજદારે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે બાંહેધરી બાદ પણ ઓથોરિટીએ તોડફોડ કેમ કરી. આ મામલે કોર્ટએ ગાયો માટે ટેમ્પરરી સ્ટ્રક્ચર ઊભું કરી તેના ફોટા કોર્ટ સમક્ષ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો અને સ્ટેટસ કવો જાળવવા જણાવ્યું હતું. ૨૦ જાન્યુઆરીની સુનાવણી દરમિયાન ટેમ્પરરી સ્ટ્રક્ચરના ફોટા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારે ફરી અરજદારે દલીલ કરી હતી કે, તેમને કોઈ નોટિસ આપવામાં આવી નથી અને સીધી રીતે બાંધકામ તોડી પાડીને કાયદાનો ભંગ કરવામાં આવ્યો છે. સાથે જ ડેપ્યુટી કલેક્ટર દ્વારા કોર્ટ સમક્ષ ખોટું નિવેદન રજૂ કરાયું હોવાનું પણ જણાવાયું હતું. કોર્ટમાં જણાવાયું હતું કે, જે ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના ડિમોલિશન ઓર્ડરની વાત કરવામાં આવે છે, તે ઓર્ડર અરજદારોને ક્યારેય આપવામાં આવ્યો નથી. કોર્ટમાં કાર્યવાહી શરૂ થયા બાદ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ તેમને સાદી પોસ્ટથી નોટિસ મોકલવામાં આવી હતી. પોસ્ટ વિભાગના તારીખના સિક્કાથી એ સ્પષ્ટ થાય છે કે કાર્યવાહી બાદ નોટિસ મોકલવામાં આવી હોવાનું અરજદારનું કહેવું છે. અરજદારે જવાબમાં જણાવ્યું હતું કે, તે સમયે મામલતદાર કોર્ટમાં હાજર રહ્યા હતા અને આગળ કોઈ કાર્યવાહી નહીં થાય તેવી બાંહેધરી આપવામાં આવી હતી. તેમ છતાં ડિમોલિશન કરવામાં આવ્યું હોવાનું અને તેની ઈઈઝટ ફૂટેજ ઉપલબ્ધ હોવાનું પણ જણાવાયું હતું.

કોર્ટને ગેરમાર્ગે દોરવા માટે બીજા ડિમોલિશનના ફોટા રજૂ કરાયા હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન ઈન્ચાર્જ મામલતદારને કોર્ટએ સીધા પ્રશ્નો કર્યા હતા. મામલતદારે જણાવ્યું હતુ કે, ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ડિમોલિશનનો ઓર્ડર પાસ કર્યો હતો.

ત્યારે કોર્ટએ પ્રશ્ન કર્યો હતો કે, શા માટે તે ઓર્ડર ૨૦૨૬નો બતાવવામાં આવ્યો. મામલતદારે આને કારકુનની ભૂલ ગણાવી હતી.

# વીર શહીદ સુખદેવ ટાઉનશિપમાં થયું નબળું કામ

## લાદીઓ આપમેળે ઉખડી રહી હોવાની વ્યાપક ફરિયાદ : ૨૦૨૨ માં જ સોંપાઈ ટાઉનશિપ, તંત્ર મૌન

રાજકોટ, તા. ૩

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા દરેક જરૂરિયાતમંદ લોકોને આવાસ મળે તે હેતુસર આવાસ યોજના અમલી બનાવી એટલું જ નહીં મધ્યમ વર્ગના લોકોને પોતાના ઘરનું ઘર મળી રહે તે માટે અનેકવિધ આવાસો બનાવવામાં આવ્યા અને હજુ પણ બનાવવામાં આવશે પરંતુ ક્યાંકને ક્યાંક આવાસ બનાવતી એજન્સીઓ અથવા તો કોન્ટ્રાક્ટરો દ્વારા જે કામગીરી કરવામાં આવી રહી છે તે અંગે અનેકવિધ પ્રશ્નો ઉઠી રહ્યા છે. રાજકોટ ખાતે આવેલા શીતલ પાર્ક વિસ્તારમાં આવેલા વીર શહીદ સુખદેવ ટાઉનશીપ માં નબળું કામ થયું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે એટલું જ નહીં વસતા રહેવાસીઓ દ્વારા કામગીરી કરનાર વ્યક્તિઓ દ્વારા





ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું પણ જણાઈ રહ્યું છે. હાલ આ અંગે હવે મહાનગરપાલિકા અથવા તો સંબંધિત સંસ્થા સુ પગલાં લેશે તેના પર દરેકની મીટ મંડાયેલી છે. ૨૦૨૨ માંજ આ ટાઉનશીપ હસ્તગત કરવામાં આવી હતી જેને માત્ર ત્રણ વર્ષનો સમય થયો છે ત્યાં લાદીઓ ઉખડી રહી છે અને અન્ય ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આ પ્રકારની કામગીરી પર કેમ યોગ્ય દેખરેખ રાખવામાં આવી નથી તે અંગે અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે આ બાબતે તંત્ર શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું. દરેક લોકોનું સ્વપન હોય છે કે તેમને ઘરનું ઘર બને. આ માટે સરકાર પણ મધ્યમ વર્ગ તેમજ ગરીબ વર્ગના લોકોને ઘરનું ઘર મળી રહે એટલા માટે વિવિધ આવાસ યોજનાઓ લાવતી હોય છે. જોકે કેટલાક લેભાગુ તત્વો ભ્રષ્ટાચાર આચરીને નબળી ગુણવત્તાનું કામ કરતા હોય છે ત્યારે રાજકોટમાં પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો. રાજકોટમાં વર્ષ ૨૦૨૨ માં સરકારી ટાઉનશીપ બનાવવામાં આવી. આ ટાઉનશીપને દેશના વીર શહીદ સુખદેવનું નામ પણ આપવામાં આવ્યું. આ જ ટાઉનશીપમાં આવાસમાં નબળું કામકાજ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. હજુ તો આ આવાસને ૩ વર્ષ વીત્યા છે ત્યાં જ આ આવાસ યોજના ખળભળવા લાગી. આ સાથે સ્થાનિકોને પણ ભ્રષ્ટાચારની ગંધ આવવા લાગી છે.

રાજકોટના શીતલ પાર્ક વિસ્તારમાં આવેલી શહીદ સુખદેવ ટાઉનશીપમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. આ ટાઉનશીપમાં આંગળીના ટેરવે લાદી ઉખડી રહી છે. ઉખડેલી લાદીની નીચે સિમેન્ટનું ખૂબ જ આછું પડ જોવા મળી રહ્યું છે અને સાથે માત્ર માટી જોવા મળી રહી છે. કેટલાક ફ્લેટમાં મોટા પોપડા પડી રહ્યા છે તો કેટલાક ફ્લેટની અંદર લાદીઓ તૂટેલી છે. આ જ ફ્લેટની છત ઉપર જાય તો અહીંયા પ્લાસ્ટર ધોવાઈ ગયેલી હાલતમાં નજરે પડે છે. આ ટાઉનશીપમાં ૪૪૮ ફ્લેટ આવેલા છે જેમાં મોટાભાગના ફ્લેટની હાલત અત્યંત ખરાબ જોવા મળી રહી છે.

આ ટાઉનશીપ હજુ તો વર્ષ ૨૦૨૨માં બની હતી તેમને ફ્લેટ મળ્યાને માંડ ત્રણથી ચાર વર્ષ જ થયા છે. ત્યાં જ આવી હાલત જોવા મળી રહી છે. મહા મુસીબતે લોન લઈને તેઓએ ૧૮ લાખ રૂપિયા કોર્પોરેશનને ચૂકવ્યા હતા. તેમના હપ્તા પણ ફ્લેટ ધારકોની માથે બોલે છે એવામાં ફ્લેટની આવી હાલત થઇ જતા લોકોમાં રોષ છવાયેલો છે. આવી એક નહીં અનેકવિધ ફરિયાદો અનેક આવાસો માંથી ઉઠી રહી છે તો બીજી તરફ લાભાર્થીઓ દ્વારા પણ ક્યાંકને ક્યાંક ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાનું જણાય રહ્યું છે. મળતી માહિતી મુજબ મળેલા આવાસોને ભાડે ચડાવી દેવામાં આવે છે જે ખરા અર્થમાં ગેરકાયદે છે. ત્યારે આ બાબતે યોગ્ય તપાસ હાથ ધરવામાં આવે અને એજન્સી ઉપર પણ કડક પગલાં લેવાય તે માટેના હાલ તમામ જરૂરી પગલાઓ લેવા માટેની રહેવાસીઓ દ્વારા માંગ કરાઈ છે.